“ રવિવારની સાપ્તાહિક પૂર્તિ ” રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 178 | AD - 2026, Chaitra Vad - 03 | Sunday, Dt. 05-04-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### ઈરાને ભીષણ હુમલામાં અમેરિકાના બે સૈન્ય વિમાનોને તોડી પાડ્યા


# ઈરાને ઈઝરાયેલની પેટ્રોકેમિકલ ફેક્ટરી પર હુમલો કર્યો



તેહરાન,તા.૦૪

તહેરાન તરફથી મળતા અહેવાલો મુજબ, ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના સશસ્ત્ર હુમલાઓ સતત ચાલુ છે. આ ભયાનક યુધ્ધ સમાપ્ત થવાના હાલ કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. ઈરાને છેલ્લા ચોવીસ કલાક દરમિયાન અમેરિકાને ખૂબ જ નોંધપાત્ર અને મોટું નુકસાન પહોંચાડ્યું હોવાનો દાવો કર્યો છે. અમેરિકા અને ઈઝરાયલ પર પોતાના હુમલાઓ અતિશય તીવ્ર બનાવ્યા બાદ ઈરાને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મજાક પણ ઉડાવી છે. ઝિમ્બાબ્વેમાં આવેલા ઈરાની દૂતાવાસે કટાક્ષ કરતા સોશિયલ મીડિયા પર કહ્યું છે કે, “હવે કંઈક કહો, અમે કંટાળી રહ્યા છીએ.” આ ગંભીર વૈશ્વિક ઘટનાક્રમ દરમિયાન ઈરાને દક્ષિણ ઈઝરાયલમાં આવેલી એક પેટ્રોકેમિકલ ફેક્ટરી પર મિસાઈલ વડે મોટો હુમલો કર્યો છે. ઈરાને દાવો કર્યો છે કે તેણે અમેરિકાના ઘણા અત્યાધુનિક ફાઈટર જેટ, લડાયક હેલિકોપ્ટર, એટેક જેટ અને એક એરક્રાફ્ટ કેરિયરને તોડી પાડ્યા છે. આ દરમિયાન, ઈરાને અમેરિકા અને ઈઝરાયલ સામે ૯૩મી વખત મોટા પાયે મિસાઈલ હુમલા શરૂ કર્યા છે. આ જ ગાળા દરમિયાન, ઈઝરાયલે પણ લેબનોનની રાજધાની બેરૂત પર શ્રેણીબધ્ધ ભીષણ હવાઈ હુમલા શરૂ કર્યા છે. ત્યાં હાજર પ્રત્યક્ષ દર્શીઓએ આખા શહેરમાં અનેક મોટા વિસ્ફોટોના અવાજો સાંભળ્યા હોવાના અહેવાલ આપ્યા છે. આ આખીય ઘટના દરમિયાન ઈરાને શુક્રવારે અલગ-અલગ હુમલાઓમાં અમેરિકાના બે સૈન્ય વિમાનોને તોડી પાડ્યા હતા, જેમાં એક અમેરિકી સૈનિકનું મોત નીપજ્યું હતું અને ઓછામાં ઓછો એક સૈનિક હજુ પણ ગુમ છે. આશરે પાંચ અઠવાડિયા પહેલા જ્યારે અમેરિકા અને ઈઝરાયલે ઈરાન સામે સીધું યુધ્ધ શરૂ કર્યું હતું, ત્યારથી અત્યાર સુધીમાં આ પહેલી વાર બન્યું છે જ્યારે આ સશસ્ત્ર સંઘર્ષમાં અમેરિકન વિમાનોને આ રીતે તોડી પાડવામાં આવ્યા હોય. ઈરાન સાથે સીધું યુધ્ધ લડી રહેલા અમેરિકા માટે છેલ્લા ચોવીસ કલાક સૈન્ય ઈતિહાસના સૌથી મુશ્કેલ કલાકો રહ્યા છે. આ સમયગાળા દરમિયાન, ઈરાને અમેરિકાના સૌથી શક્તિશાળી પાંચમી પેઢીના સ્ટીલ્થ ફાઈટર જેટ એફ-૩૫થી લઈને એફ-૧૫ એટેક જેટ સુધીના ઘણા અત્યાધુનિક વિમાનો અને હેલિકોપ્ટરોને તોડી પાડ્યા છે. આ સૈન્ય નુકસાનમાં અમેરિકાના પ્રખ્યાત ચિનૂક હેલિકોપ્ટરનો પણ સમાવેશ થાય છે જેને ઈરાને થોડા કલાકો પહેલા કુવૈતમાં તોડી પાડ્યું હતું. ઈરાનના આક્રમક અને ક્રૂર પ્રદર્શનથી સમગ્ર યુએસ સૈન્યમાં શોકની લહેર પ્રસરી ગઈ છે.યુએસ અને આંતરરાષ્ટ્રીય મીડિયા અહેવાલો અનુસાર, ઈરાને છેલ્લા ચોવીસ કલાકમાં ખુઝેસ્તાન અથવા કોહગિલુયેહ પ્રાંતમાં અમેરિકાના બે એફ-૧૫ઈ સ્ટ્રાઈક ઈગલ ફાઈટર જેટને તોડી પાડ્યા હતા. આ વિમાનમાં બે ક્રૂ સભ્યો સવાર હતા. જેમાંથી એક સભ્યને યુએસ રેસ્ક્યૂ ટીમ દ્વારા સહીસલામત બચાવી લેવામાં આવ્યો હતો, જ્યારે બીજા ગુમ સભ્યની સઘન શોધખોળ હજુ પણ ચાલુ છે. ત્યારબાદ ઈરાને પેલા ગુમ થયેલા પાઈલટને શોધવા માટે ગયેલા બીજા અમેરિકી હેલિકોપ્ટરને પણ હવામાં જ તોડી પાડ્યું હતું. ઈરાને અમેરિકાના સૌથી શક્તિશાળી ગણાતા એ-૧૦ થંડરબોલ્ટ એટેક જેટને પણ તોડી પાડ્યું છે. જોકે તેનો પાઈલટ પર્સિયન ગલ્ફ એટલે કે ફારસી અખાત ઉપરથી સમયસર બહાર નીકળી ગયો હતો અને તેને બચાવી લેવામાં આવ્યો છે.

# પ.બંગાળમાં ચૂંટણીઓ મુક્ત,પારદર્શક,નિષ્પક્ષ યોજાવા ચૂંટણી કમિશનરે આપી કડક સૂચના



કોલકાત્તા,તા.૦૪

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં આગામી ચૂંટણીઓ મુક્ત, ન્યાયી, પારદર્શક અને નિષ્પક્ષ રીતે યોજાય તે સુનિશ્ચિત કરવા માટે કડક સૂચનાઓ જારી કરી છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર, ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીએ આ સંદર્ભમાં મુખ્ય સચિવ, પોલીસ મહાનિર્દેશક અને અન્ય વરિષ્ઠ અધિકારીઓને કડક આદેશ આપ્યા છે. આ નિર્દેશો તમામ સ્તરના વહીવટી અને પોલીસ અધિકારીઓને લાગુ પડશે. પંચે ભાર મૂક્યો છે કે ચૂંટણી પ્રક્રિયા ધાકધમકી, હિંસા, પ્રલોભનો અને મતદાનમાં કોઈપણ પ્રકારના અવરોધથી સંપૂર્ણપણે મુક્ત હોવી જોઈએ. આ આદેશો માલદા જિલ્લામાં બનેલી એક ઘટના બાદ આવ્યા છે, જ્યાં ૧ એપ્રિલના રોજ મતદાર યાદીમાંથી મોટા પાયે નામો કાઢી નાખવાના વિરોધમાં ગ્રામજનોએ સાત ન્યાયિક અધિકારીઓને બંધક બનાવ્યા હતા. આ મામલે પશ્ચિમ બંગાળમાં રાજકારણ પણ ગરમાયું છે. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આ પ્રક્રિયાનો સખત વિરોધ કરીને ચૂંટણી પંચ પર ગંભીર આરોપો લગાવ્યા છે, જ્યારે ભાજપે તેને ઘૂસણખોરો સામેની કાર્યવાહી ગણાવી છે. સુપ્રીમ કોર્ટે પણ આ ઘટનાને ન્યાયિક વહીવટમાં અવરોધ ઊભો કરવાનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ ગણાવ્યો છે અને રાજ્યના વરિષ્ઠ અધિકારીઓને તેમની નિષ્ક્રિયતા બદલ કારણદર્શક નોટિસ જારી કરી છે.

# સિલ્વાસામાં નાઈટ્રોજન વેરહાઉસમાં વિસ્ફોટ થતા ૪ લોકોના કરૂણ મોત



સેલવાસ,તા.૦૪

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલીના પાટનગર સિલ્વાસામાં આવેલા એક નાઈટ્રોજન વેરહાઉસમાં શનિવારે સવારે અચાનક એક શક્તિશાળી વિસ્ફોટ થયો હતો. આ ભયાનક દુર્ઘટનામાં ચાર લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે અન્ય છ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઘટના ડેમની સ્કૂલ ફળિયા વિસ્તારમાં શનિવારે સવારે આશરે ૯:૩૦ વાગ્યે બની હતી. આ બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે તેનો અવાજ દૂર-દૂર સુધી સંભળાયો હતો અને આસપાસના સમગ્ર વિસ્તારમાં ભૂકંપ જેવા આંચકા અનુભવાયા હતા, જેના કારણે સ્થાનિક લોકોમાં ભારે ગભરાટ અને દોડધામ મચી ગઈ હતી. આ વેરહાઉસ એક અત્યંત વ્યસ્ત રસ્તા પર આવેલી ગલી પાસે અને એક શાળાથી માત્ર ૩૦ મીટરના અંતરે જ આવેલું હતું, જેના કારણે નિર્દોષ બાળકો અને નાગરિકોની સુરક્ષા સામે અનેક ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. પ્રાથમિક તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, આ જોખમી વેરહાઉસ જરૂરી વહીવટી પરવાનગી વિના જ ગેરકાયદેસર રીતે ધમધમી રહ્યું હતું. અકસ્માત બાદ તમામ છ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે સિલ્વાસાની નમો હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમાંથી ત્રણ લોકોને મૃત જાહેર કર્યા હતા, જ્યારે અન્ય ઈજાગ્રસ્તો હજુ પણ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે.

### પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ કુવામાંથી મૃતદેહો બહાર કાઢી પોસ્ટમાર્ટમ માટે ખસેડ્યા

# નાસિક જિલ્લામાં કાર કૂવામાં ખાબકતા એક જ પરિવારના ૯ લોકોના મોત



નાસિક,તા.૦૪

મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને દુઃખદ સમાચાર સામે આવ્યા છે. નાસિકના ડિંડોરી તાલુકામાં રાત્રિના સમયે એક બેકાબૂ કાર અચાનક કૂવામાં ખાબકતાં એક જ પરિવારના નવ સભ્યોના કરુણ મોત નીપજ્યા છે. આ અકસ્માત એટલો ભયાનક હતો કે તેમાં સાત વર્ષની નાની બાળકી સહિત છ નિર્દોષ બાળકોએ પણ પોતાનો જીવ ગુમાવ્યો છે. પ્રાથમિક માહિતી અનુસાર આ તમામ મૃતકો દરગુડે પરિવારના સભ્યો હતા. આ ઘટના રાત્રે અંદાજે દસ વાગ્યાની આસપાસ બની હતી જ્યારે આખો પરિવાર એક સામાજિક કાર્યક્રમમાં હાજરી આપીને પોતાના ઘરે પરત ફરી રહ્યો હતો.મૃતકોની ઓળખ રેશ્મા સુનીલ દરગુડે, આશા અનિલ દરગુડે, ખુશી ઉર્ફે શ્રૃષ્ટિ દરગુડે, શ્રેયસ દરગુડે, રાખી ઉર્ફે ગુણવંતી દરગુડે, શ્રાવણી દરગુડે, સમૃદ્ધિ દરગુડે, માધુરી દરગુડે અને સુનીલ દત્તુ દરગુડે તરીકે થઈ છે. આ તમામ લોકો નાસિક જિલ્લાના ડિંડોરી તાલુકાના ઈન્દોર ગામના રહેવાસી હતા. સ્થાનિક પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટરે જણાવ્યું કે તેમને રાત્રે દસ વાગ્યે માહિતી મળી હતી કે ડિંડોરી ગામના શિવાજી નગર વિસ્તારમાં એક મારુતિ અર્ટિગા કાર પલટી ખાઈને આશુ રાજે નામના વ્યક્તિના ઊંડા કૂવામાં ખાબકી ગઈ છે. પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને સ્થાનિક નાગરિકો તેમજ તરવૈયાઓની મદદથી રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. કૂવામાંથી કાર અને મૃતદેહોને બહાર કાઢવા માટે બે હાઈડ્રા ક્રેનની મદદ લેવામાં આવી હતી. મધ્યરાત્રિએ અંદાજે બાર વાગ્યાને પંદર મિનિટે તમામ લોકોને બહાર કાઢીને ડિંડોરીની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ડ્રાઈવરે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવતા આ કરુણાંતિકા સર્જાઈ હતી. આ અકસ્માતના પગલે સમગ્ર પંથકમાં ભારે અરેરાટી અને શોકની લહેર વ્યાપી ગઈ છે અને પોલીસે આ અંગે ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે

# દિલ્હી સહિત ઉત્તર ભારતના અનેક રાજયોમાં ભૂકંપના હળવા આંચકા



નવી દિલ્હી,તા.૦૪

છેલ્લા કેટલાક સમયથી ભારત સહિત વિશ્વભરના વિવિધ દેશોમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. ઘણી જગ્યાએ ભૂકંપને કારણે હજારો લોકોએ જીવ ગુમાવ્યા હોવાથી દરેક વ્યક્તિ ભૂકંપથી ડરી રહી છે. દરમિયાન શુક્રવારે રાત્રે દિલ્હી-એનસીઆર સહિત ભારતના વિવિધ રાજ્યોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા જેનાથી લોકો ગભરાઈ ગયા છે. આ આંચકા જમ્મુ-કાશ્મીર, હરિયાણા, હિમાચલ પ્રદેશ અને પંજાબમાં પણ અનુભવાયા હતા. શુક્રવારે દિલ્હી-એનસીઆર ક્ષેત્ર ઉપરાંત કાશ્મીરના વિવિધ ભાગો અને પંજાબના પઠાણકોટમાં પણ આંચકા અનુભવાયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર આ ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાન-તાજિકિસ્તાન સરહદી વિસ્તારમાં હોવાનું જાણવા મળ્યું છે. આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૯ માપવામાં આવી હતી જે જમીનથી ૧૭૫ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો. કાશ્મીરના વિવિધ ભાગોમાં આંચકા બાદ લોકોમાં ચિંતાનું મોજું ફેલાઈ ગયું છે

જોકે અત્યાર સુધી કોઈ જાનમાલનું નુકસાન થયું નથી. પંજાબના પઠાણકોટમાં રાત્રે લગભગ ૯:૫૦ વાગ્યે હળવા આંચકા આવ્યા હતા જ્યારે ઉત્તર પ્રદેશના નોઈડામાં ઘણી સેકન્ડો સુધી ધ્રુજારી અનુભવાઈ હતી.







# કેરળમાં સાંસદ શશી થરૂરના કાફલા પર લોકોએ કર્યો હુમલો



મલપ્પુરમ,તા.૦૪

કેરળના મલપ્પુરમમાં કોંગ્રેસ સાંસદ શશી થરૂરના કાફલા પર હુમલો થયો હતો. આ ઘટના રાત્રે વાંડૂરના ચેલ્લીતોડુ વિસ્તારમાં બની જ્યારે તેઓ એ. પી. અનિલ કુમારના પ્રચાર માટે જઈ રહ્યા હતા. પોલીસ ફરિયાદ મુજબ, ટ્રાફિક જામમાં થરૂરની કારના ડ્રાઈવરે હોર્ન વગાડતા આગળના વાહનમાં સવાર લોકો ઉશ્કેરાઈ ગયા હતા. બાઈક અને કારમાં આવેલા આ જૂથે સાંસદની કાર રોકીને પીછો કર્યો હતો. જ્યારે સુરક્ષાકર્મીએ દરમિયાનગીરી કરી, ત્યારે બદમાશોએ તેમની સાથે ગેરવર્તન કરી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે આ મામલે કાલિકાવુના રહેવાસી ઉમર નામના યુવકની ધરપકડ કરી છે અને અન્ય બે શખ્સોની અટકાયત કરીને વાહનો જપ્ત કર્યા છે.

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
રવિવાર, તા.૦૫-૦૪-૨૦૨૬

અમરેલીની પ્રતિષ્ઠિત શીતલ કંપનીની વધુ એક હરણફાળ

# આજથી શીતલ કુલ પ્રોડક્ટનો સ્વાદ ભારતના વધુ બે રાજયમાં પહોંચશે

**આજે રાજયમંત્રી કૌશિક વેકરીયા શીતલ પ્રોડકટરને લીલી ઝંડી આપી રવાના કરશે**

અમરેલી,તા.૦૪

અમરેલીની જાણીતી અને પ્રતિષ્ઠિત શીતલ કૂલ પ્રોડક્ટ્સ કંપનીએ વ્યાપાર ક્ષેત્રે વધુ એક મોટી હરણફાળ ભરી છે. આ કંપનીની વિવિધ પ્રોડક્ટ્સ હવે દક્ષિણ ભારતના વધુ બે રાજ્યોમાં પહોંચશે. રાજ્યના ઊર્જા મંત્રી કૌશિક વેકરીયા સવારે ૮:૪૫ કલાકે લીલી ઝંડી આપીને આ પ્રોડક્ટ્સને રવાના કરશે. અત્યાર સુધી શીતલ કંપનીની પ્રોડક્ટ્સ દેશના ૮ રાજ્યોમાં ઉપલબ્ધ હતી, પરંતુ હવે તેમાં દક્ષિણ ભારતના આંધ્રપ્રદેશ અને તામિલનાડુ એમ બે રાજ્યોનો ઉમેરો થતાં કુલ ૧૦ રાજ્યોમાં તેનો વિસ્તાર થયો છે. હવે આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ અને તામિલનાડુના કોઈમ્બતુરના લોકોને પણ અમરેલીની પ્રખ્યાત શીતલ કંપનીની સ્વાદિષ્ટ પ્રોડક્ટ્સનો સ્વાદ માણવાનો લ્હાવો મળશે. કંપનીના આ નવા સાહસથી સમગ્ર પંથકમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# સાવરકુંડલામાં સવા વર્ષથી રસ્તા વચ્ચે પડેલા કેબલ અને માટીના ઢગલાથી રાહદારીઓ પરેશાન

સાવરકુંડલા,તા.૦૪



શહેરમાં તંત્રની ઘોર બેદરકારી સામે રઘુવંશી અગ્રણી અને સેવાભાવી વરિષ્ઠ નાગરિક મુકુંદભાઈ નાગ્રેચાએ અવાજ ઉઠાવ્યો છે. અહીંના ફ્રેન્ડ્સ સોસાયટી સ્થિત પ્રસાદ બંગલા વિસ્તારમાં રોડ કોન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવેલા અધૂરા કામને કારણે સ્થાનિકો ભારે પરેશાન છે. ફેબ્રુઆરી ૨૦૨૫ થી રોડની વચ્ચોવચ જોખમી રીતે પડેલા વાદળી કેબલ અને માટીના ઢગલાથી અકસ્માતનું જોખમ તોળાઈ રહ્યું છે.

આ વિસ્તારમાં ગુરુકુળ આવેલું હોવાથી દરરોજ સેંકડો નાના બાળકો અને રાહદારીઓ અહીંથી પસાર થાય છે. મુકુંદભાઈએ જણાવ્યું કે, આ કેબલના કારણે અનેક બાળકો ઠોકર ખાઈને પડ્યા છે. આ વિસ્તારમાં સ્થાનિક ધારાસભ્યનું નિવાસસ્થાન હોવા છતાં તંત્ર નિષ્ક્રિય છે. કોઈ મોટી જાનહાનિ થાય તે પહેલાં આ સમસ્યા ઉકેલાય તેવા હેતુથી મુકુંદભાઈએ તંત્રની ઊંઘ ઉડાડવાનો પ્રયાસ કર્યો છે.

# લીલીયામાં ગુમ થયેલ મોટરસાઈકલ શોધી મુળ માલિકને પરત કરાયું

લીલીયા,તા.૦૪



લીલીયા પી. આઈ. એમ. ડી. સાળુંકે અને તેમની ટીમ દ્વારા ટેકનિકલ તેમજ હ્યુમન સોર્સની મદદથી પૂજાપાદરના મનિષભાઈ વેકરીયાની હીરા બજારમાંથી ગુમ થયેલી મોટરસાયકલ ગણતરીના દિવસોમાં શોધી કાઢી હતી. પોલીસે આ મિલકત અસલ માલિકને પરત સોંપીને આ અભિયાનને સફળ બનાવ્યું છે.

# બાબરા કોર્ટમાં પુરાવાના અભાવે PGVCLની વીજચોરીનો દાવો નામંજૂર

બાબરા,તા.૦૪



બાબરા પ્રિન્સિપાલ સિવિલ જજની અદાલતે વીજચોરીના એક કેસમાં ગ્રાહકના પક્ષમાં મહત્વનો ચુકાદો આપ્યો છે. પીજીવીસીએલ (PGVCL) સબ ડિવિઝન ચિતલના નાયબ ઈજનેર દ્વારા ઈંગોરાળા ગામના દીપકભાઈ લખમણભાઈ પરમાર સામે રૂ. ૭૭,૩૮૬.૧૨ ની વસૂલાત માટે દાવો (નં. ૪૭/૨૦૨૨) દાખલ કરાયો હતો.કેસની સુનાવણી દરમિયાન કોર્ટે બંને પક્ષોના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓની ચકાસણી કરી હતી. અદાલતે નોંધ્યું કે, જે સ્થળે રેઈડ કરવામાં આવી હતી તેની માલિકી કે પ્રતિવાદી સાથેનો સીધો સંબંધ સાબિત થાય તેવા કોઈ જ મજબૂત પુરાવા PGVCL રજૂ કરી શક્યું નથી.

આમ, વાદી પક્ષ વીજચોરીનો આક્ષેપ નિઃશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ જતાં અદાલતે આ દાવો નામંજૂર કર્યો હતો અને પ્રતિવાદીના લાભમાં ચુકાદો આપ્યો હતો.

આ કેસમાં પ્રતિવાદી તરફે વકીલ જી.કે. મહેતા રોકાયા હતા.

# અમરેલીથી કનકાઈ સુધી બસ સેવા શરૂ કરવા સુમન સેવા ટ્રસ્ટની માંગ

અમરેલી:,તા.૦૪

ગીર મધ્યે આવેલા પૌરાણિક અને સુપ્રસિધ્ધ કનકાઈ માતાજીના મંદિરે દર્શન કરવા જતા ભક્તો માટે અમરેલીથી કનકાઈની એસ.ટી. બસ સેવા પુનઃ શરૂ કરવા સુમન સેવા ટ્રસ્ટ દ્વારા માંગણી કરવામાં આવી છે.

આ અંગે ટ્રસ્ટના પ્રમુખ રમેશભાઈ ગોહિલ, પરશોત્તમભાઈ એન. મકવાણા અને રતનબેન આર. બલદાણીયા દ્વારા અમરેલી એસ.ટી. ડેપો મેનેજરને રૂબરૂ મળીને એક લેખિત રજૂઆત કરવામાં આવી હતી. આ આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, ચલાલા અને ધારી વિસ્તારના દર્શનાર્થીઓને પણ આ સેવાનો લાભ મળી રહે તે માટે આ રૂટ ખૂબ જ જરૂરી છે. ભૂતકાળમાં ચાલતી આ બસ સેવા યાત્રિકોની સુવિધા માટે વહેલી તકે ફરી શરૂ કરવામાં આવે તેવી પ્રબળ લોકમાંગ છે

# વડીયાના તોરી ગામે સ્વામિનારાયણ મંદિર ખાતે પાટોત્સવનો થયો પ્રારંભ

તોરી,તા.૦૪



વડીયા તાલુકાના તોરી ગામે આવેલા સ્વામિનારાયણ મંદિર(પુરૂષ)માં ૬૨મો પાટોત્સવ યોજાયો હતો. શનિવારના રોજથી શરૂ થયેલ આ પાટોત્સવમાં શ્રી હરિ ચરિત્ર કથાના પ્રારંભ સમયે પોથી યાત્રા, અન્નકૂટની આરતીનો લાભ ભક્તોને મળેલ હતો. આ પ્રસંગે તરવડા ગુરૂકુળ, અમરાપુર સ્વામી,ગોંડલ સ્વામી, દ્વારીકા સ્વામી, તોરી લાલજી મંદિર, જેતપુર,અમરેલી, બગસરા, વિસાવદર અને વડિયાથી સ્વામિનારાયણ મંદિરના સંતો આર્શીવચન આપશે. કથાની પૂર્ણાહૂતિ તા.૬ને સોમવારના રોજ કરવામાં આવશે.

# સા.કુંડલામાં તાત્કાલિક હનુમાનજી આશ્રમ ખાતે હનુમાન જન્મોત્સવની ઉજવણી

સાવરકુંડલા, તા.૦૪



સાવરકુડલામાં નાવલી નદીના કાંઠે બિરાજમાન શ્રી તાત્કાલિક હનુમાનજી આશ્રમમાં હનુમાન જન્મોત્સવ નિમિત્તે દિવ્ય મહોત્સવ યોજાયો હતો. આ આયોજન માત્ર ધાર્મિક વિધિઓ પૂરતું સીમિત ન રહેતાં સાચા અર્થમાં માનવ સેવા અને જીવદયાનો અનોખો સંગમ બન્યું હતું. તાત્કાલિક હનુમાનજી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આ પ્રસંગે અનેક સેવાકીય કાર્યો હાથ ધરાયાં હતાં. જેમાં પક્ષીઓ માટે વિનામૂલ્યે માટીના કુંડાનુ વિતરણ, સર્વ રોગ નિદાન કેમ્પ, રક્તદાન કેમ્પ તેમજ અંગદાન અને દેહદાનના સંકલ્પ પત્રો ભરાવવામાં આવ્યા હતા. મહોત્સવની શરૂઆત વિશ્વ શાંતિ માટે યોજાયેલા મહાયજ્ઞથી થઈ હતી.સાંજે સામૂહિક હનુમાન ચાલીસાના પાઠ અને લોકડાયરાનું સુંદર આયોજન કરાયું હતું. નાના ઝીંઝુડાના મહંત પરમ પૂજ્ય મસા પીર બાપુના અધ્યક્ષસ્થાને હજારો ભાવિકોએ ભેદભાવ વગર મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો. સમગ્ર આયોજનની સફળતા બદલ આશ્રમ પરિવારે તમામ દાતાઓ અને સ્વયંસેવકોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.










## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી), સરનામુ–પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના મોજે–અમૃતવેલ ગામે ખેડુત ખાતા નં-૪૨૨ (૧) સ.નં–૧૪૭ પૈકી ૪, હે.આરે.ચોમી.૦–૮૦-૯૪, આકાર-૨.૧૨ (૨) સ.નં-૧૪૭ પૈકી ૯, હે.આરે.ચોમી.૧-૫૧-૭૬, આકાર-૪.૦૦ વાળી ખેતીની જુની શરતની જમીન ખેતીની જમીનોના માલીકો, કબ્જેદારો-વેકરીયા બકુલભાઈ છગનભાઈ, વેકરીયા નયનાબેન બકુલભાઈ, વેકરીયા ધારાબેન બકુલભાઈ, વેકરીયા અંકુરભાઈ બકુલભાઈ, વેકરીયા મિતલબેન બકુલભાઈ ના નામે આવેલ છે.

જેથી ઉપરોકત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલિક પાસેથી ઉપરોક્ત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામા આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) મા અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામા આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ (સાત) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામા આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

સ્થળ :- લીલીયા
તારીખ :- ૪/૪/૨૦૨૬

એસ.પી.ભડકોલીયા
(એડવોકેટ & નોટરી)
મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૫૧/૨૦૨૬ — તા.૧૬/૦૩/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. મકવાણા જયાબેન નરસિંહભાઈ
રહે.ખોડીયાર ચોક, બાપા સીતારામની મઢુલી પાસે,
સાવરકુંડલા તા.સાવરકુંડલા જી. અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી, ઘોબા સાવરકુંડલા,

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર રમેશભાઈ નરસિંહભાઈ મકવાણાનો જન્મ તા.૧૬/૦૬/૧૯૯૦ ના રોજ મુ.ઘોબા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૬/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી), સરનામુ–પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના મોજે-અમૃતવેલ ગામે ખેડુત ખાતા નં-૧૧૦, સ.નં-૧૪૭ પૈકી ૩, હે.આરે.ચોમી.૩–૩૪-૮૮, (માંથી પૈકી હે.આરે.ચોમી.૦-૮૦-૯૪ વેચાણ પાત્ર) આકાર-૧૧.૮૭ વાળી ખેતીની જુની શરતની જમીન ખેતીની જમીનના માલીકો, કબ્જેદારો-વેકરીયા કિરીટભાઈ છગનભાઈ, વેકરીયા દયાબેન કીરીટભાઈ, વેકરીયા જુલીબેન કીરીટભાઈ, વેકરીયા સંકેતભાઈ કીરીટભાઈ ના નામે આવેલ છે.

સદરહુ જમીનના ૭/૧૨, ૮અ માં અ.જી.મ.સ.બેંક, સાવરકુંડલા શાખા ના અનુક્રમે અંકે રૂા.૧૫,૦૦,૦૦૦/-તથા રૂા.૫,૦૦,૦૦૦/– નો બોજો નોંધાયેલ છે. તે સિવાય અન્ય કોઈનો બોજો, ગીરો, હક ૭/૧૨માં નોંધાયેલ નથી.

જેથી ઉપરોકત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલિક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામા આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) મા અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામા આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ (સાત) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામા આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણન વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

સ્થળ :- લીલીયા
તારીખ :- ૪/૪/૨૦૨૬

એસ.પી.ભડકોલીયા
(એડવોકેટ & નોટરી)
મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪

# અમરેલી ગાવડકા રોડ પર બાઈક રીક્ષા વચ્ચે અકસ્માતમાં એકનું મોત

અમરેલી,તા.૦૪



અમરેલીથી ગાવડકા જતા રોડ પર રાત્રિના સમયે મોટરસાયકલ અને રિક્ષા વચ્ચે સર્જાયેલા ગંભીર અકસ્માતમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.બનાવની વિગતો મુજબ, ગાવડકા ગામના રહેવાસી અનિલભાઈ ડેડાણીયા ઉનાળાની સિઝન હોવાથી બરફના ગોલા લઈને પોતાના બાઈક પર ગામ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન વાંકિયા ગામ તરફથી આવી રહેલી એક રિક્ષા સાથે તેમના બાઈકની જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માત એટલો ભીષણ હતો કે બાઈક ચાલક અનિલભાઈનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરું ઊડી ગયું હતું. આ અકસ્માતમાં પાછળ બેઠેલા અરવિંદભાઈ ચાવડીયા નામના વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકોની મદદથી તેમને તાત્કાલિક અમરેલીની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. રિક્ષા ચાલક પણ ઘાયલ થયા હોવાનું જાણવા મળેલ છે.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ જિલ્લા ભાજપ ટૂંક સમયમાં ઉમેદવારોના નામ જાહેર કરે તેવી સંભાવના

અમરેલી,તા.૦૪



સમગ્ર રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈ રાજકીય પક્ષોના ઉમેદવારો ચૂંટણી લડવા માટે સજ્જ થઈ રહ્યા છે. આ માહોલ વચ્ચે અમરેલી જિલ્લાની ૧ જિલ્લા પંચાયત, ૧૧ તાલુકા પંચાયત અને ૬ નગરપાલિકાઓની ચૂંટણી યોજાવા જઈ રહી છે.

ભારતીય જનતા પાર્ટી દ્વારા છેલ્લા બે દિવસથી ઉમેદવારોની પસંદગી માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પ્રક્રિયામાં પક્ષના કાર્યકરોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક અલગ-અલગ બેઠકો પર નિરીક્ષકો સમક્ષ પોતાની દાવેદારી મજબૂતીથી રજૂ કરી હતી. ગુજરાત પ્રદેશ ભાજપના નેતાઓએ ગત મોડી રાત સુધી તમામ દાવેદારોને ખૂબ જ શાંતિપૂર્વક સાંભળ્યા હતા. સમગ્ર જિલ્લામાંથી કુલ ૧૬૮૦ જેટલા કાર્યકરોએ પક્ષ પાસે ટિકિટની માંગણી કરી છે. અમરેલી જિલ્લામાં કાર્યકરોની સરળતા ખાતર સાવરકુંડલા, ધારી અને અમરેલી એમ કુલ ત્રણ ઝોન બનાવવામાં આવ્યા હતા, જેથી કાર્યકરોને છેક જિલ્લા મથક સુધી લાંબા ન થવું પડે. સૂત્રોના જણાવ્યા અનુસાર આગામી ૨૪ કલાકમાં ઉમેદવારોને ટેલિફોનિક જાણ કરે તેવુ સુત્રોમાંથી જાણવા મળ્યુ છે.

# સાવરકુંડલામાં બાળ કલાકારે દોરેલા સંતશ્રી દાનબાપુના ચિત્રનું સન્માન


સાવરકુંડલા,તા.૦૪



સાવરકુંડલાની જે. વી. મોદી હાઈસ્કૂલમાં ધોરણ-૯માં અભ્યાસ કરતા તેજસ્વી બાળ કલાકાર બજરંગ વિનુભાઈ વિઠ્ઠલપરાએ પોતાની કલા દ્વારા અનોખી સિદ્ધિ મેળવી છે. બજરંગે પરમ પૂજ્ય સંત શ્રી દાનબાપુ પ્રત્યેની અતૂટ શ્રધ્ધાને આકાર આપતું એક સુંદર પેઈન્ટિંગ તૈયાર કર્યું હતું. આ ચિત્ર તેણે 'ભગત રવિકૃષ્ણ ફાઉન્ડેશન ટ્રસ્ટ'ને ભેટ આપ્યું હતું. બાળકની આ અદભુત કલા અને ભાવનાથી પ્રભાવિત થઈને સંસ્થાના પ્રમુખ વિજયભાઈ ભગતે તેને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કર્યો હતો. સ્કૂલના આચાર્ય જીતુભાઈ ભટ્ટ અને સ્ટાફે પણ બાળ પ્રતિભા ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી.

# ગૂમ થયેલ ઈ-સ્ટેમ્પ પેપર લાઠી પોલીસે શોધી મૂળ માલિકને પરત કર્યા

લાઠી ,તા.૦૪



લાઠી પોલીસે ગુમ થયેલા અંદાજે ૪૦૦ ઈ-સ્ટેમ્પ પેપર શોધી કાઢીને તેના અસલ માલિકને સુપરત કરીને પ્રશંસનીય કામગીરી કરી છે. આ મહત્વપૂર્ણ ઈ-સ્ટેમ્પ પેપર લાઠીના તાજપર ગામના અજય જોરસંગભાઈ બારડના રસ્તામાં ક્યાંક પડી ગયા હતા. વાસ્તવમાં અજયભાઈ અમરેલી ખાતેની સીએસસી ઓફિસમાંથી કલર સ્ટેશનરી સહિત કુલ ૪૦૦ ઈ-સ્ટેમ્પ પેપર લઈને લાઠી તરફ પરત આવી રહ્યા હતા. આ તમામ ઈ-સ્ટેમ્પ પેપર લાઠી આવતા રસ્તામાં અચાનક પડી જતાં તેઓ ચિંતાતુર બન્યા હતા. દસ્તાવેજો ગુમ થતાં જ અજયભાઈએ તાત્કાલિક લાઠી પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધ્યો હતો. આ બાબતને ગંભીરતાથી લઈને ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એચ. જે. બરવાડીયાના સીધા માર્ગદર્શન હેઠળ લાઠી સર્વેલન્સ ટીમે સઘન તપાસ હાથ ધરી હતી. પોલીસે સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા અને ટેકનિકલ સોર્સની મદદ લીધી હતી. આ સચોટ તપાસના આધારે લાઠી પોલીસે ગુમ થયેલી તમામ મિલકત શોધી કાઢી તેના અસલ માલિકને પરત સોંપી હતી.

# ખાંભા પાસે મીતીયાળા નજીક રેવન્યુ ડુંગરમાં ભીષણ આગ

અમરેલી,તા.૦૪



ખાંભા પાસે આવેલા મીતીયાળા અભયારણ્ય નજીકના નાનુડી ગામના બરસિયા ડુંગરમાં અચાનક વિકરાળ આગ (દવ) ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં ૪૦ વીઘાથી વધુ રેવન્યુ વિસ્તાર બળીને ખાખ થઈ ગયો હતો. સિંહોના નિવાસસ્થાન ગણાતા અભયારણ્યની તદ્દન નજીક આગ લાગવાના કારણે વન્યજીવો અને પક્ષીઓમાં ભારે દોડધામ મચી ગઈ હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ, ત્રણ કલાકથી આગ સતત પ્રસરી રહી હોવા છતાં તંત્ર તરફથી સમયસર કોઈ મદદ પહોંચી ન હતી.

# સા.કુંડલાની મધ્યમાં આવેલો એકમાત્ર બગીચાના ખસ્તાહાલ, લોકોમાં રોષ

સાવરકુંડલા તા.૦૪



સાવરકુંડલા શહેરની મધ્યમાં આવેલો અને તાલુકાના લોકોનું એકમાત્ર મુખ્ય ફરવા લાયક સ્થળ ગણાતો 'જનતા બાગ' હાલ અત્યંત દયનીય સ્થિતિમાં જોવા મળી રહ્યો છે. નગરપાલિકા તંત્ર અને અગાઉના સત્તાધીશો દ્વારા પૂરતી જાળવણી કરવામાં ન આવતા આ સુંદર બગીચો આજે જંગલમાં ફેરવાઈ ગયો છે. બગીચામાં ચારેય તરફ એટલું બધું ઘાસ અને ઝાડી-ઝાંખરા ઊગી નીકળ્યા છે કે ત્યાં ચાલવું પણ મુશ્કેલ બન્યું છે. દોડધામ ભરેલા જીવનમાં માનસિક શાંતિ આપતા આ સ્થળે હવે સવારે વોકિંગ, વ્યાયામ કે આરામ માટે આવતા નાના બાળકોથી લઈને વડીલો સુધીના તમામ નાગરિકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. રવિવાર અને તહેવારોના દિવસોમાં લોકોનું મનપસંદ રહેલું આ સ્થળ સફાઈના અભાવે બિનઉપયોગી બન્યું છે. શહેરીજનો દ્વારા સત્તાધીશો પાસે આ બગીચાની સફાઈ કરવા અને સુવિધાઓ પુનઃસ્થાપિત કરવા તાકીદે માંગ કરાઈ છે.

# મોટા ઝીંઝુડાની સાત આંગણવાડી કેન્દ્રોને સોલાર કંપનીએ આપી ભેટ



સાવરકુંડલા,તા.૦૪

સાવરકુંડલા તાલુકાના મોટાઝીંઝુડા ગામની સાત આંગણવાડીઓને **ABRel SPV2 LTD** સોલાર કંપની તરફથી આધુનિક ચીજવસ્તુઓની ભેટ મળી છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય પાયાના શિક્ષણમાં ટેકનોલોજીનો ઉપયોગ વધારવાનો અને ગુણવત્તા સુધારવાનો છે.આંગણવાડીઓને આશરે ૨૦૦થી વધુ વસ્તુઓ આપવામાં આવી છે, જેમાં ૬ ટીવી, ૬ ફ્રિજ, ૬ કબાટ, પંખા, વજનકાંટા સહિત ભોજન અને બેઠક વ્યવસ્થા માટેની સામગ્રી સામેલ છે. આ પ્રસંગે સોલાર કંપનીના સાઈટ હેડ ફોગાભાઈ હડિયા અને તેમની ટીમ હાજર રહી હતી. ગામના સરપંચ પંકજ ઉનાવાએ કંપનીનો આભાર માનતા જણાવ્યું કે આનાથી બાળકોનું શૈક્ષણિક સ્તર ઊંચું આવશે. આ કાર્યક્રમમાં ગામના અગ્રણીઓ અને આંગણવાડીની તમામ બહેનો ઉત્સાહભેર ઉપસ્થિત રહી હતી.

## બારપટોળી ગ્રામ પંચાયત, તા.રાજુલા જીઃ-અમરેલી

### જાહેર હરરાજી

આથી બારપટોળી ગામના તેમજ આસપાસના ગામના લોકો અને રસ ધરાવતી એજન્સીઓને જણાવવાનું કે બારપટોળી ગામે જર્જરીત ઈમારતોને તોડી પાડીને તેના ઈમલાની જાહેર હરરાજી કરવા સક્ષમ અધિકારીશ્રીનો આદેશ થઈ આવેલ હોય જેની નીચે મુજબના ઈમલાની જાહેર હરરાજી કરવાની છે.

| ક્રમ | મિલ્કત | અપસેટ પ્રાઈઝ |
|---|---|---|
| ૧ | પાણીનો ટાંકો જુની બારપટોળી બસ સ્ટેન્ડની બાજુમાં | ૧૮૦૦૦/- |
| ૨ | પંપહાઉસ જુની બારપટોળી પતાલ કુવાની બાજુમા | ૪૦૦૦/- |
| ૩ | કોમ્યુનીટી હોલ જુની બારપટોળી ગોંદરા વિસ્તાર | ૮૦૦૦/- |
| ૪ | જુની ગ્રામ પંચાયત કચેરી જુની બારપટોળી | ૪૫૦૦/- |
| ૫ | કોમ્યેનીટી હોલ નવી બારપટોળી | ૧૦૨૦૦/- |
| ૬ | જુની ગ્રામ પંચાયત કચેરી પાછળનું બિલ્ડીંગ | ૬૫૦૦/- |
| ૭ | પાણીનો સંપ ગોંદરા વિસ્તાર | ૫૦૦૦/- |
| ૮ | સ્નાનાગર ગોંદરા વિસ્તાર | ૪૦૦૦/- |
| ૯ | બસ સ્ટેશન નવી બારપટોળી | ૬૫૦૦/- |

શરતો :- ૧. હરરાજીમાં ભાગ લેનારે રૂ. ૧૦૦૦ (એક હજાર) રોકડા ડિપોઝિટ પેટે જમા કરાવવાના રહેશે.
૨. હરરાજીમાં ભાગ લેનાર વ્યક્તિઓ પૈકી પસંદ થયેલ વ્યક્તિએ જેતે રકમ તેજ દિવસે રોકડા જમા કરાવવાના રહેશે.
૩. પસંદ થયેલ વ્યક્તિ/ એજન્સીએ કામ મળ્યેથી દિન -૧૦ માં ઈમલાને ઉપાડી જગ્યા ખાલી કરી સમતલ કરી સોંપવાની રહેશે.
૪. હરરાજી અંગેની શરતો રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે. તેમજ અન્ય સંબંધિત તમામ અધિકાર તેમજ આખરી નિર્ણય ગ્રામ પંચાયતના રહેશે.

સ્થળ : ગ્રામ પંચાયત કચેરી, બારપટોળી, તા.રાજુલા જી.અમરેલી
હરરાજી તારીખ :- ૦૭/૦૪/૨૦૨૬, મંગળવાર સમય : સવારે ૧૦:૦૦ કલાકથી

તલાટી કમ મંત્રી, બારપટોળી ગ્રામ પંચાયત | સરપંચશ્રી, બારપટોળી ગ્રામ પંચાયત




# અવસાન નોંધ

**પુંજાપાદર**

પુંજાપાદર નિવાસી (હાલ લીલીયા મોટા) વિપ્ર સવિતાબેન પ્રેમશંકર ઠાકર ઉ.વ. ૯૧ તે દિનેશભાઈ તથા સ્વ. હસુભાઈ તથા અરવિંદભાઈ ઠાકરના માતુશ્રી થાય તેમનું તા.03/૦૪/૨૦૨૬ને શુક્રવાર ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૦૬/૦૪/૨૦૨૬ સોમવારના રોજ સાંજના ૩:૦૦ થી ૬:૦૦ દિનેશભાઈ ઠાકરના નિવાસ સ્થાને લીલીયા મુકામે રાખેલ છે.

**પુંજાપાદર**

મીનાબેન કાંતિલાલ આચાર્ય ઉંમર વર્ષ ૭૨ તે સ્વ.કાંતિલાલ શિવશંકર આચાર્ય પાડરશીંગાવાળા હાલ સાવરકુંડલાની પુત્રી તથા ભાસ્કર ભાઈ - મંજુલાબેન ઇન્દુબેન કૈંલાસ બેનના બહેન અને ચિરાગભાઈ આચાર્ય તથા જાગેનભાઈ આચાર્યમાં ફૈબાનું આજ રોજ તા ૪-૪-૨૦૨૬ ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે તેમની સાદડી તારીખ ૬.૪.૨૬ ને સોમવાર સાંજના ૪ થી ૬.૩૦ કલાકે બ્રહ્મપુરી કાણકિયા કોલેજ સામે સાવરકુંડલા ખાતે રાખેલ છે.




## //એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૨૫/૨૦૨૬

અરજદાર :- શ્રી મીનાબેન કાળુભાઈ ધોળકીયા,
રહે.કુકાવાવ રોડ, મફતીયા પરા,
અમરેલી, તા/જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મું.અમરેલી, તા. જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં મીનાબેન કાળુભાઈ ધોળકીયા તેમના પુત્રીશ્રી રવિના કાળુભાઈ ધોળકીયાની જન્મ (તા.૦૪/૧૨/૨૦૦૦) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૪/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(કે.કે.દવે)
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૨૭/૨૦૨૬

શ્રી ઈસ્માઈલભાઈ કરીમભાઈ મકવાણા
રહે.સાવરકુંડલા, ઠે.રાજ તીલક પાન એન્ડ કોન્ડ્રીકની બાજુમાં સાધના સોસા.
નવા બસ સ્ટે. પાછળ, મહુવા રોડ, જિ.અમરેલી .........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, પીપળવા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારાશ્રી ઈસ્માઈલભાઈ કરીમભાઈ મકવાણાનો પોતાનો જન્મ તા.૦૮/૦૬/૧૯૫૪ના રોજ પીપળવા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૪/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૨૪/૨૦૨૬

શ્રી સુલતાનભાઈ કરીમભાઈ મકવાણા
રહે.સાવરકુંડલા, ઠે.રાજ તીલક પાન એન્ડ કોન્ડ્રીકની બાજુમાં સાધના સોસા.
નવા બસ સ્ટેશન પાછળ, મહુવા રોડ, સાવરકુંડલા જિ.અમરેલી .........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, પીપળવા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારાશ્રી સુલતાનભાઈ કરીમભાઈ મકવાણાનો પોતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૫૯ના રોજ પીપળવા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૪/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૨૫/૨૦૨૬

શ્રી ઈકબાલભાઈ કરીમભાઈ મકવાણા
રહે.સાવરકુંડલા, ઠે.રાજ તીલક પાન એન્ડ કોન્ડ્રીકની બાજુમાં સાધના સોસા.
નવા બસ સ્ટે. પાછળ, મહુવા રોડ, જિ.અમરેલી .........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, પીપળવા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારાશ્રી ઈકબાલભાઈ કરીમભાઈ મકવાણાનો પોતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૫૬ના રોજ પીપળવા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૪/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

અમરેલી જિલ્લા અનુસૂચિત મોરચો અને સહયોગ વિકાસ ટ્રસ્ટના ઉપક્રમે

# સ્કોલરશિપ આવક મર્યાદા વધારવાના ઐતિહાસિક નિર્ણય બદલ અમરેલીમાં યોજાયો ઋણ સ્વીકાર કાર્યક્રમ

અમરેલી,તા.૦૪

ગુજરાત સરકાર દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશિપ મેળવવાની વાર્ષિક આવક મર્યાદા ૨.૫ લાખથી વધારીને રૂ.૬ લાખ કરવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. આ મહત્વપૂર્ણ નિર્ણયને વધાવવા માટે અમરેલી જિલ્લા અનુસૂચિત મોરચો અને સહયોગ વિકાસ ટ્રસ્ટના ઉપક્રમે અમરેલી ખાતે એક ભવ્ય 'ઋણ સ્વીકાર કાર્યક્રમ' યોજાયો હતો.આ પ્રસંગે રાજ્યના શિક્ષણ અને સામાજિક ન્યાય અધિકારીતા કેબિનેટ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વિવિધ સામાજિક, શૈક્ષણિક, રાજકીય સંગઠનો તેમજ કર્મચારી મંડળો દ્વારા મંત્રીનું સન્માન કરી સરકારના આ નિર્ણય પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. કેબિનેટ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, વાલીઓ





તરફથી આવક મર્યાદા વધારવાની લાંબા સમયથી માંગણી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની સરકારે આ સંવેદનશીલ નિર્ણય લઈને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓના ભણતરનો માર્ગ સરળ બનાવ્યો છે. મંત્રીએ ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવન સાથે જોડાયેલા પાંચ સ્થળોને 'પંચતીર્થ' તરીકે આપેલા સન્માનની પણ વાત કરી હતી.ઋણ સ્વીકારના આ કાર્યક્રમમાં પૂજ્ય સંતશ્રી વિરેન્દ્રનંદગિરિ બાપુ , સંતશ્રી ઉમેશાનંદગિરિ બાપુ, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, જિલ્લા પ્રભારી અભયભાઈ ચૌહાણ, પ્રદેશ ભાજપ કિસાન મોરચા પ્રમુખ હિરેનભાઈ હિરપરા પ્રદેશ મીડિયા ડીબેટ પેનલિસ્ટ શૈલેષભાઈ પરમાર,અમર ડેરી ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા,જિલ્લા ઉપપ્રમુખ મેહુલભાઈ ધોરાજીયા, ઉપપ્રમુખ મનોજભાઈ મહિડા, ઉપપ્રમુખ દિપકભાઈ વઘાસીયા, જિલ્લા મંત્રી ક્રિષ્નાબેન મકવાણા, પુર્વ મોરચાના પ્રમુખો કેશુભાઈ વાઘેલા, શાંતિલાલ પરમાર, વિરજીભાઈ બોરીચા, ઉધોગપતિ કરસનભાઈ દેવકા , પુર્વ જિલ્લા સદસ્ય શંભુભાઈ મહિડા, મંત્રી શહેર ભાજપ કિરણબેન પડાયા તાલુકા પંચાયત પુર્વપ્રમુખ કિશોરભાઈ કાનપરિયા, જિલ્લા કાર્યાલય મંત્રી મહેન્દ્રભાઈ ચાવડા શહેર ભાજપના આરતીબેન અટારા, પ્રવિણાબેન રાઠોડ, નિકુલભાઈ માંડણકા, શહેર શિક્ષણ સમિતી ચેરમેન તુષારભાઈ જોષીની પ્રેરક ઊપસ્થિત રહી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન અને મહેમાનોનું સ્વાગત જિલ્લા અનુસૂચિત મોરચાના પ્રમુખ સંદીપભાઈ સોલંકીએ કર્યું હતું અને આભારવિધિ મહામંત્રી મુકેશભાઈ બગડાએ કરી હતી.

## બગસરામાં આજે રક્તદાન કેમ્પ

બગસરા,તા.૦૪

બગસરા શહેરમાં આજરોજ રવિવારે સવારે ૮:૦૦ થી બપોરના ૧:૦૦ વાગ્યા સુધી એક વિશેષ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વર્ગસ્થ હરિલાલ પ્રેમશંકરભાઈ વ્યાસ (મામા) ના સ્મરણાર્થે વિમળાબેન હરિલાલ વ્યાસ (શીતલ આઈસ્ક્રીમ વાળા) પરિવારના આર્થિક સહયોગથી આ સેવાયજ્ઞ યોજાઈ રહ્યો છે. શિવ બાબા માનવસેવા ગ્રુપ બગસરા તથા બાળ કેળવણી મંદિર દ્વારા આયોજિત અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અમરેલીના સહયોગથી આ ભવ્ય રક્તદાન કેમ્પનું સુંદર આયોજન થયેલ છે. રક્તદાન કરનાર દરેક માનવતાવાદી વ્યક્તિને સન્માન પત્ર અને યાદગીરી રૂપે સુંદર ભેટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવશે. તમે પણ રક્તદાન કરો અને અન્ય લોકોને પણ રક્તદાન કરવાની પ્રેરણા પૂરી પાડો. આ કેમ્પનું સ્થળ બાળ કેળવણી મંદિર, પોલીસ સ્ટેશનની બાજુમાં, બગસરા મુકામે રાખવામાં આવ્યું છે. આ કેમ્પ અંગેની વધુ વિગતો મેળવવા માટે આપ પંકજભાઈ ગાંગડીયાનો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

## ખાંભામાં રોમિયોગીરીનો વિરોધ કરતા પરિવાર પર હુમલો, જાનથી મારી નાખવાની આપી ધમકી

ખાંભા, તા.૦૪

ખાંભામાં હનુમાન જયંતીના પવિત્ર દિવસે જ એક શખ્સ દ્વારા 'રોમિયોગીરી' કરી એક પરિવાર સાથે ઝઘડો કરી મારપીટ કરવામાં આવી હોવાની ઘટના સામે આવી હતી. બનાવ અંગે નિલેશભાઈ વલ્લભભાઈ સોલંકીએ અક્ષય દીનેશભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. જેમા યુવક તેના માતા અને પત્ની સાથે હનુમાન જયંતી નિમિત્તે ખાંભા સ્થિત પીંગળવીર હનુમાનજીના મંદિરે પ્રસાદ લેવા માટે ગયા હતા. પ્રસાદ લઈને જ્યારે આ પરિવાર ટેમ્પોમાં ઘરે પરત ફરી રહ્યો હતો, ત્યારે આરોપી પોતાની મોટરસાઈકલ લઈને તેમની પાછળ-પાછળ રોમિયોગીરી કરતો આવતો હતો. પરિવાર જ્યારે ખાંભા કુમારશાળા રોડ પર પહોંચ્યો ત્યારે આરોપીએ પોતાની મોટરસાઈકલ ટેમ્પોની આડે ઉભી રાખી રસ્તો રોક્યો હતો. આરોપીએ તેને ગાળો આપી, તેના ટી-શર્ટનો કાઠલો પકડી લીધો હતો અને ગળાના ભાગે નખ મારીને ઈજા પહોંચાડી હતી. જ્યારે તેના માતા વિમળાબેન અને પત્ની અલ્પાબેન વચ્ચે પડીને તેને છોડાવવાનો પ્રયત્ન કરવા ગયા, ત્યારે આરોપીએ ઉશ્કેરાઈને ફરિયાદીના માતાને પેટના ભાગે ઢીંક મારતા તેઓ નીચે પડી ગયા હતા. આ ઉપરાંત, આરોપીએ તેની પત્નીનો ડાબો હાથ મરડી નાખ્યો હતો. આ દરમિયાન તેના કાકાનો દીકરો સંજય ત્યાં આવી પહોંચ્યો હતો અને આરોપીને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો. જોકે, આરોપીએ નમતું જોખવાને બદલે સંજય અને મને જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાંથી નાસી છૂટ્યો હતો. હનુમાન જયંતી જેવા પવિત્ર તહેવારે જાહેરમાં બનેલી આ ઘટનાને પગલે સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

## બગસરા મેઘાણી હાઈસ્કૂલ ખાતે મુખ્યમંત્રી જ્ઞાન સાધના પરીક્ષા યોજાઈ

બગસરા,તા.૦૪



બગસરાની મેઘાણી હાઈસ્કૂલ ખાતે મુખ્યમંત્રી જ્ઞાન સાધના સ્કોલરશિપ યોજના અંતર્ગત ધોરણ-૮ના વિદ્યાર્થીઓ માટેની એક મહત્વપૂર્ણ પરીક્ષા યોજાઈ હતી. આ પરીક્ષામાં કુલ ૫૪૬ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પરીક્ષામાં જે વિદ્યાર્થીઓ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને મેરિટ લિસ્ટમાં પોતાનું સ્થાન મેળવશે, તેમને સરકાર તરફથી અભ્યાસ માટે આર્થિક સહાય તરીકે સ્કોલરશિપ આપવામાં આવશે.

## દામનગરના છભાડીયા ગામમાં ટ્રેક્ટરથી રેતીનો ફેરો નાખવા મુદ્દે માથામાં હાથમાં પહેરેલું કડું માર્યું

**ઢીકાપાટુનો માર મારી શરીરે મુંઢ ઈજા પહોંચાડી**

દામનગર, તા.૪

દામનગરના છભાડીયા ગામમાં ટ્રેક્ટરથી રેતીનો ફેરો નાખવા મુદ્દે માથામાં હાથમાં પહેરેલું કડું માર્યું હતું. ઉપરાંત ઢીકાપાટુનો માર મારી શરીરે મુંઢ ઈજા પહોંચાડી હતી. આ અંગે ભુરખીયા ગામના રણજીભાઈ મુળજીભાઈ બારડ (ઉ.વ.૩૮)એ છભાડીયા ગામના મુકેશભાઈ લાભુભાઈ ગોહીલ તથા અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમણે આરોપીના ગામમાં ટ્રેક્ટરથી રેતીનો ફેરો નાખ્યો હતો.

જેથી સારૂ નહીં લાગતા બંને આરોપીએ દામનગર ટાઉનમાં GIDC વિસ્તારમાં આવેલા એક ટ્રેક્ટરના ગેરેજ બહાર આવી તેમને ગાળો આપી, ઢીકાપાટુનો મારમારી શરીરે મુંઢ ઈજા કરી હતી.

ઉપરાંત ઝપાઝાપી દરમિયાન હાથમાં પહેરેલું કડું તેના માથાના ભાગે મારતાં માથાના ભાગે બે-ત્રણ ટાંકાઓ લાવી ઈજા કરી હતી. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે આર સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

## ખાંભાના રુગનાથપુર (ખોડી) ગામેથી ૧૦ લીટર દેશી દારૂ પકડાયો

ખાંભા, તા.૪

અમરેલી જિલ્લામાં બે સ્થળેથી ૧૫ લીટર દેશી દારૂ ઝડપાયો હતો. લાઠી ટાઉનમાં મહાવીરનગર પાસેથી ૫ લીટર દેશી દારૂ સહિત રૂ.૧૦૧૮નો મુદ્દામાલ મળી આવ્યો હતો. ખાંભાના રૂગનાથપુર (ખોડી) ગામેથી ૧૦ લીટર દેશી દારૂ સહિત રૂ. ૨૦૦૦નો મુદ્દામાલ પકડાયો હતો. મોટા દેવળીયા, સાવરકુંડલા, હુડલી, ચલાલા અને ખડ ખંભાળીયા ગામેથી પાંચ શરાબી પકડાયા હતા.

## અમરેલીના નાના આંકડીયા ગામે રંગોત્સવ મહોત્સવનું આયોજન

અમરેલી,તા.૦૪

અમરેલીના નાના આંકડીયા ગામમાં આવેલી શ્રી એચ. આર. ગારડી હાઈસ્કૂલ ખાતે રંગોત્સવ સેલિબ્રેશન કાર્યક્રમ-મુંબઈ અંતર્ગત વિવિધ કલાત્મક સ્પર્ધાઓનું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત યોજાયેલી ડ્રોઈંગ, કલરિંગ અને હેન્ડ રાઈટિંગ સ્પર્ધાઓના પરિણામો ઉત્સાહભેર જાહેર કરવામાં આવ્યા છે. આ વિશેષ સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓએ પોતાની




અદ્ભુત કલાત્મક કુશળતા અને શ્રેષ્ઠ સર્જનાત્મકતાનું પ્રદર્શન કરીને શાળાનું નામ રોશન કર્યું છે.આ આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં શાળાની પ્રતિભાશાળી વિદ્યાર્થિની એન્જલ ભરતભાઈ વાગડીયાએ બીજો નંબર પ્રાપ્ત કરીને અનોખી સિદ્ધિ મેળવી છે, જેના સન્માનરૂપે તેને બ્લુટૂથ સાઉન્ડ બાર અને આકર્ષક ટ્રોફી એનાયત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત અન્ય તેજસ્વી વિદ્યાર્થિની ધ્રુવી નિરંજનભાઈ સરપદડિયાએ પોતાની કળાના દમ પર પ્રતિષ્ઠિત આર્ટ મિસ્ટ્રો એવોર્ડ અને ટ્રોફી જીતી લીધા છે. શાળાના કુલ નવ સ્પર્ધકોમાંથી આ બે મુખ્ય વિજેતા વિદ્યાર્થીનીઓ સિવાય અન્ય પાંચ બાળકોને તેમની ઉત્કૃષ્ટ મહેનત બદલ મેડલ આપીને પ્રોત્સાહિત કરાયા હતા તથા બાકી રહેલા બે બાળકોને વિશેષ સરપ્રાઈઝ ગિફ્ટ આપવામાં આવી હતી.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ★** | | |
| કપાસ બી.ટી. | ૧૬૦૧ | ૧૮૨૧ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૪૮૫ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૬૩૦ |
| જુવાર સફેદ | ૮૫૦ | ૯૮૦ |
| જુવાર લાલ | ૯૭૫ | ૧૧૮૦ |
| જુવાર પીળી | ૪૧૧ | ૫૨૫ |
| મકાઇ | ૩૪૯ | ૩૪૯ |
| તુવેર | ૧૩૭૫ | ૧૬૦૮ |
| ચણા પીળા | ૯૫૧ | ૧૦૮૬ |
| ચણા સફેદ | ૧૧૬૧ | ૧૮૫૦ |
| અડદ | ૧૩૨૦ | ૧૭૦૨ |
| મગ | ૧૧૦૦ | ૨૦૩૬ |
| વાલ દેશી | ૯૭૦ | ૧૩૬૪ |
| વટાણા | ૭૩૦ | ૧૧૫૦ |
| કળથી | ૩૦૬ | ૩૨૫ |
| રાજમા | ૯૫૦ | ૨૦૧૮ |
| મગફળી જાડી | ૧૩૫૦ | ૧૫૭૫ |
| મગફળી જીણી | ૧૪૦૦ | ૧૬૩૪ |
| તલી | ૧૮૦૦ | ૨૩૬૮ |
| સુરજમુખી | ૧૦૪૪ | ૧૪૫૬ |
| એરંડા | ૧૧૬૫ | ૧૨૬૪ |
| સુવા | ૧૩૮૬ | ૧૫૬૫ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૭૭ |
| સીંગફાડા | ૧૨૭૪ | ૧૯૦૦ |
| કાળા તલ | ૩૦૦૦ | ૩૯૪૪ |
| લસણ | ૭૨૦ | ૧૭૫૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૬૨૫ |
| મરચા સુકા | ૨૦૦૦ | ૬૭૦૦ |
| ધાણી | ૨૩૦૦ | ૨૯૦૦ |
| વરીયાળી | ૧૪૪૦ | ૨૪૦૦ |
| જીરૂ | ૩૬૫૦ | ૪૨૮૦ |
| રાય | ૧૧૨૦ | ૧૪૩૦ |
| મેથી | ૧૧૨૦ | ૧૫૭૫ |
| ઇસબગુલ | ૧૨૦૦ | ૧૮૦૦ |
| અશેરીયો | ૯૪૫ | ૧૧૩૫ |
| કલોંજી | ૨૨૦૦ | ૩૦૪૦ |
| રાયડો | ૧૦૧૦ | ૧૨૮૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૫૦૭ | ૮૨૩ |
| લીંબુ | ૧૩૩૨ | ૨૬૧૮ |
| સાકરટેટી | ૧૨૧ | ૨૯૯ |
| તરબુચ | ૧૫૪ | ૨૯૦ |
| પપૈયા | ૬૧ | ૧૧૪ |
| બટેટા | ૯૮ | ૨૫૯ |
| ડુંગળી સુકી | ૪૫ | ૨૩૮ |
| ટમેટા | ૧૪૨ | ૩૦૫ |
| સુરણ | ૮૧૧ | ૧૦૨૬ |
| કોથમરી | ૧૬૬ | ૩૪૨ |
| સકરીયા | ૨૧૪ | ૪૦૬ |
| મુળા | ૪૧૮ | ૫૯૬ |
| રીંગણા | ૧૪૧ | ૨૫૭ |
| કોબીજ | ૬૧ | ૯૮ |
| ફ્લાવર | ૨૫૬ | ૪૪૨ |
| ભીંડો | ૪૪૪ | ૭૩૮ |
| ગુવાર | ૪૮૮ | ૯૭૨ |
| ચોળાસીંગ | ૫૩૧ | ૮૨૨ |
| વાલોળ | ૫૫૧ | ૭૪૯ |
| ટીંડોળા | ૪૧૧ | ૮૧૮ |
| દુધી | ૧૩૨ | ૨૫૩ |
| કારેલા | ૨૫૩ | ૪૧૪ |
| સરગવો | ૧૬૯ | ૩૭૮ |
| તુરીયા | ૩૦૭ | ૬૨૫ |
| પરવર | ૬૨૯ | ૮૪૧ |
| કાકડી | ૧૫૪ | ૩૮૬ |
| ગાજર | ૧૬૪ | ૩૦૭ |
| વટાણા | ૧૦૨૪ | ૧૪૨૨ |
| ગલકા | ૩૩૪ | ૪૪૯ |
| બીટ | ૬૮ | ૧૨૨ |
| મેથી | ૧૭૧ | ૩૧૨ |
| વાલ | ૬૪૩ | ૯૦૮ |
| ડુંગળી લીલી | ૧૯૩ | ૩૧૪ |
| આદુ | ૧૦૩૧ | ૧૨૪૪ |
| મરચા લીલા | ૪૧૫ | ૬૨૪ |
| લસણ લીલું | ૯૧૧ | ૧૨૪૮ |
| મકાઇ લીલી | ૧૧૩ | ૨૦૬ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૫૧ | ૧૭૫૬ |
| મગફળી જીણી | ૧૨૦૧ | ૧૬૩૬ |
| સિંગદાણા જાડા | ૨૦૦૧ | ૨૦૬૧ |
| સિંગ ફાડીયા | ૧૩૦૧ | ૧૯૮૧ |
| એરંડા / એરંડી | ૧૧૧૧ | ૧૨૬૬ |
| વરીયાળી | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ડુંગળી લાલ | ૩૬ | ૨૫૧ |
| અડદ | ૮૭૬ | ૧૭૨૧ |
| મઠ | ૭૦૧ | ૭૦૧ |
| તુવેર | ૯૦૧ | ૧૬૩૧ |
| રાયડો | ૯૬૧ | ૧૨૬૧ |
| રાય | ૧૦૬૧ | ૧૩૨૧ |
| મેથી | ૯૦૧ | ૧૪૪૧ |
| સુવાદાણા | ૫૧૧ | ૧૩૭૬ |
| કાંગ | ૪૮૧ | ૪૯૧ |
| મગફળી જાડી | ૧૧૫૧ | ૧૬૧૧ |
| મગફળી દૃ્દ | ૧૩૮૬ | ૧૩૮૬ |
| તલ - તલી | ૧૫૫૧ | ૨૩૨૧ |
| ડુંગળી સફેદ | ૧૮૧ | ૨૪૬ |
| બાજરો | ૨૪૧ | ૩૩૧ |
| જુવાર | ૪૬૧ | ૯૯૧ |
| મકાઇ | ૩૬૧ | ૪૮૧ |
| મગ | ૮૦૧ | ૧૯૦૧ |
| વાલ | ૩૦૧ | ૧૨૪૧ |
| ચોળા / ચોળી | ૫૭૬ | ૭૦૧ |
| સોયાબીન | ૯૨૧ | ૧૦૮૧ |
| ગોગળી | ૮૦૧ | ૧૪૪૧ |
| વટાણા | ૩૭૬ | ૧૦૬૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૪૦ | ૨૪૦ |
| મરચા | ૧૮૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૧૮૦ | ૧૪૦૦ |
| કોબી | ૨૦ | ૨૦૦ |
| દુધી | ૪૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૪૦ | ૩૦૦ |
| કાકડી | ૪૦ | ૫૪૦ |
| રીંગણા | ૧૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૭૦૦ |
| ગલકા | ૧૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૧૮૦ | ૧૬૦૦ |
| શક્કરીયા | ૧૬૦ | ૩૦૦ |
| કેરી કાચી | ૩૦૦ | ૧૨૦૦ |
| બટેટા | ૧૮૦ | ૨૫૦ |
| ડુંગળી પુરા | ૫ | ૬ |
| તાંજરીયા પુરા | ૨ | ૩ |
| કોથમીર પુરા | ૨ | ૩ |
| મૂળા પુરા | ૨ | ૪ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| પચકારુ | ૨૦૦ | ૩૦૦ |
| ગુંદા | ૪૦૦ | ૭૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૨૬૦૦ |
| મેથી પુરા | ૨ | ૪ |
| બીટ પુરા | ૭ | ૮ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૧૮૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૬૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૨૦૦ |
| આદુ | ૧૮૦ | ૧૨૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૨ | ૫ |
| પાલક પુરા | ૧ | ૫ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૪૦૦ | ૧૪૦૦ |
| શિંગ મોટી | ૧૨૦૦ | ૧૫૫૦ |
| શિંગદાણા ફાડા | ૧૭૪૦ | ૧૯૩૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૦૦ |
| તલ કાળા | ૧૧૨૦ | ૧૮૯૦ |
| તલ કાશમીરી | ૧૯૯૫ | ૧૯૯૫ |
| બાજરો | ૨૦૦ | ૨૫૦ |
| જુવાર | ૪૦૦ | ૯૭૦ |
| ઘઉં ટુકડા | ૩૬૦ | ૬૮૫ |
| ઘઉં લોકવન | ૩૭૦ | ૫૩૦ |
| મકાઇ | ૫૦૦ | ૫૦૦ |
| ચણા | ૮૪૦ | ૧૦૬૫ |
| ચણા દેશી | ૧૦૦૦ | ૧૦૭૫ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| છોલે ચણા | ૧૦૭૫ | ૧૪૪૦ |
| તુવેર | ૭૦૦ | ૧૬૦૦ |
| કપાસ | ૯૪૫ | ૧૮૪૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૫૫ |
| જીરૂ | ૨૨૮૦ | ૪૪૧૦ |
| રાયડો | ૧૧૭૦ | ૧૧૭૦ |
| રાય | ૧૧૭૫ | ૧૩૪૦ |
| ધાણા | ૨૨૧૦ | ૨૬૫૦ |
| ધાણી | ૧૭૭૫ | ૩૧૫૦ |
| અજમા | ૧૫૦૦ | ૨૩૦૦ |
| મેથી | ૯૦૦ | ૧૨૭૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૮૦ |
| મરચા લાંબા | ૧૫૩૦ | ૭૮૦૦ |
| મરચા ઘોલર | ૭૦૦૦ | ૯૦૫૦ |
| કાંગ | ૨૪૫ | ૩૪૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૫૦ | ૨૪૦ |
| રીંગણા | ૧૦૦ | ૪૨૦ |
| ફુલાવર | ૨૫૦ | ૩૬૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૩૦ |
| શક્કરિયા | ૧૨૦ | ૪૦૦ |
| ટમેટા | ૧૦૦ | ૨૦૦ |
| સુરણ | ૮૦૦ | ૯૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| દૂધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૩૦૦ | ૪૦૦ |
| ગલકા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૨૦૦ | ૨૫૦ |
| ગુવાર | ૪૦૦ | ૭૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ચોળા લીલાં | ૫૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૨૧૦ | ૩૦૦ |
| ગુંદા | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૬૨૦ | ૭૩૦ |
| આદુ | ૧૧૨૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૫૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૫૦૦ |
| ફુદીનો | ૩૫૦ | ૪૫૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| સરગવો | ૨૦૦ | ૨૫૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૨૦૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી સૂકી | ૧૧૦ | ૨૩૦ |
| લસણ લીલું | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લસણ સૂકું | ૧૦૦૦ | ૧૫૦૦ |
| પાલક | ૪૩૦ | ૫૨૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૪૦૦ |
| મકાઇ | ૨૦૦ | ૨૯૦ |
| કાચી કેરી | ૨૦૦ | ૨૯૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૩૬૦ | ૧૪૧૦ |
| ઘઉં | ૪૦૫ | ૪૩૦ |
| ઘઉં ટુકડા | ૬૦૧ | ૬૦૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૩૧ |
| છોલે ચણા | ૧૬૨૫ | ૧૬૨૫ |
| તુવેર | ૯૪૫ | ૧૯૬૨ |
| ધાણા | ૧૬૧૦ | ૨૧૦૦ |
| મેથી | ૧૧૩૭ | ૧૧૩૭ |
| કલોંજી | ૨૫૫૫ | ૨૬૫૦ |
| રાજગરો | ૧૦૦૦ | ૧૦૦૦ |
| શિંગ દાણા | ૧૩૭૫ | ૧૫૭૦ |
| એરંડા | ૧૧૭૫ | ૧૨૪૬ |
| તલ | ૧૪૮૦ | ૧૪૮૦ |
| મકાઇ | ૪૫૦ | ૪૫૦ |
| સોયાબીન | ૧૦૫૧ | ૧૦૫૧ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૮૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૬૩ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૧૩ |
| રાય | ૧૩૦૦ | ૧૪૬૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૨૮૬ |
| મેથી | ૯૫૦ | ૧૨૩૫ |
| તુવેર | ૧૧૫૦ | ૧૪૦૨ |
| જુવાર | ૮૦૦ | ૯૩૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૫૪ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૪૨ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૪૭ |
| સોયાબીન | ૯૫૦ | ૧૦૯૧ |
| ધાણા | ૧૮૦૦ | ૨૨૭૫ |
| કપાસ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| કાંગ | ૪૦૦ | ૫૩૭ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૭૧૯ |
| ઘઉં લોકવન | ૩૯૦ | ૪૫૦ |
| ઘઉં ટુકડા | ૩૮૦ | ૪૬૬ |
| ચણા | ૯૦૦ | ૧૦૨૫ |
| ધાણા | ૧૭૩૫ | ૨૪૪૦ |
| સોયાબીન | ૮૯૫ | ૯૦૫ |
| તુવેર | ૬૦૦ | ૧૩૯૦ |
| ચણા સફેદ | ૧૧૨૫ | ૧૧૨૫ |
| મગફળી | ૯૦૦ | ૧૩૦૦ |
| મેથી | ૯૯૦ | ૧૧૦૦ |
| લસણ | ૩૫૦ | ૧૨૦૫ |
| એરંડી | ૧૧૪૫ | ૧૨૩૨ |
| કલંજી | ૨૨૫૨ | ૨૨૫૨ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ધાણી | ૨૬૨૫ | ૨૭૦૧ |
| તલ સફેદ | ૨૧૦૫ | ૨૧૦૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૩૦૧ | ૧૭૩૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૫૦ |
| ચણા | ૮૦૧ | ૧૦૪૧ |
| તુવેર | ૯૦૧ | ૧૪૮૬ |
| મગફળી | ૭૦૦ | ૧૩૭૬ |
| શિંગફાડા | ૧૨૫૧ | ૧૫૦૧ |
| એરંડા | ૧૦૦૧ | ૧૧૯૧ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૧૮૫૧ |
| કલંજી | ૨૦૦૧ | ૨૭૦૬ |
| મેથી | ૭૦૧ | ૧૧૫૬ |
| જીરૂ | ૨૦૦૧ | ૩૮૩૧ |
| ધાણા | ૧૨૦૧ | ૨૪૧૧ |
| સોયાબીન | ૭૦૧ | ૧૦૧૬ |
| **સાવરકુંડલા** | | |
| શિંગ-જીણી | ૧૨૫૦ | ૧૫૩૧ |
| શિંગ મોટી | ૧૪૦૦ | ૧૫૪૧ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૮૫૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૫૦૦ |
| કપાસ | ૧૪૭૫ | ૧૭૮૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૨૧ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૩૦ |
| બાજરો | ૫૦૦ | ૫૯૦ |
| જુવાર | ૬૦૦ | ૯૮૦ |
| મકાઇ | ૬૨૧ | --- |
| વટાણા | ૯૦૦ | ૧૦૫૦ |
| વરીયાળી | ૨૦૦૦ | ૨૫૦૦ |
| અડદ | ૮૦૦ | --- |
| ચણા | ૧૦૧૧ | ૧૦૬૫ |
| દેશી ચણા | ૧૦૩૦ | ૧૧૨૧ |
| તુવેર | ૧૩૫૦ | ૧૫૩૧ |
| એરંડી | ૧૧૮૦ | ૧૨૩૨ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૫૦ |
| રાય/ રાયડો | ૧૦૩૦ | --- |
| ધાણા | ૨૨૦૦ | ૩૦૭૦ |
| સોયાબીન | ૮૫૦ | --- |
| **જામનગર** | | |
| બાજરો | ૨૫૫ | ૪૨૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૫૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૪૫૦ |
| તુવેર | ૬૦૦ | ૧૫૭૫ |
| ચોળી | ૫૦૦ | ૮૮૦ |
| મેથી | ૯૦૦ | ૧૫૨૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૭૫૦ |
| મગફળી જીણી | ૯૫૦ | ૧૪૭૫ |
| રાયડો | ૧૦૫૦ | ૧૩૦૦ |
| રાય | ૧૧૦૦ | ૧૪૪૫ |
| લસણ | ૭૫૦ | ૧૪૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૧૦ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૪૪૫ |
| અજમો | ૧૫૦૦ | ૪૬૫૦ |
| અજમાની ભુસી | ૧૦૦ | ૨૪૫૦ |
| ધાણા | ૧૩૫૦ | ૨૫૦૦ |
| વટાણા | ૩૦૦ | ૧૦૦૦ |
| કલોજી | ૧૧૦૦ | ૨૯૯૦ |
| રાજમા | ૪૫૦ | ૯૨૦ |
| **મહુવા** | | |
| એરંડા | ૧૧૩૦ | ૧૨૪૧ |
| જુવાર | ૪૨૧ | ૧૦૦૬ |
| બાજરી | ૩૦૧ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૩૧ | ૬૭૩ |
| ધાણા | ૨૧૦૦ | ૩૦૯૦ |
| અડદ | ૧૧૦૧ | ૧૩૧૦ |
| મગ | ૫૦૦ | ૧૬૮૫ |
| મેથી | ૭૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૮૮૦ | ૧૦૫૦ |
| તલ સફેદ | ૨૧૫૫ | ૨૧૫૫ |
| તલ કાળા | ૧૯૦૦ | ૨૭૦૦ |
| તુવેર | ૧૧૨૦ | ૧૫૦૦ |
| રાય | ૪૫૦ | ૧૪૯૦ |
| ડુંગળી સફેદ | ૧૭૦ | ૨૫૩ |
| નાળીયેર | ૨૭૧ | ૨૩૯૬ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૪૦ | ૧૩૩૪ |
| તલ સફેદ | ૧૮૨૫ | ૨૦૦૧ |
| કપાસ | ૧૩૦૦ | ૧૭૦૨ |
| બાજરો | ૨૫૦ | ૫૨૬ |
| ઘઉં ટુકડા | ૩૦૦ | ૫૫૪ |
| જુવાર | ૫૦૦ | ૯૮૬ |
| અડદ | ૧૫૩૦ | ૧૫૩૦ |
| તુવેર | ૮૦૧ | ૧૪૦૦ |
| ચણા | ૭૫૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૮૦૦ |
| મેથી | ૯૩૦ | ૧૨૦૦ |
| રાય | ૧૦૦૦ | ૧૩૦૫ |

# ઈરાન કા ભીષણ હમલા પાકિસ્તાન કા માસ્ટરસ્ટ્રોક: મીડિયાના ગપગોળા


ભારતના મીડિયા (કહેવાતા ગોદી મીડિયામાં પણ) ઈઝરાયેલ-અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુધ્ધ અંગે સખત રીતે ઈરાન તરફી અને પાકિસ્તાન તરફી સમાચારોનો મારો ચલાવાઈ રહ્યો છે. ઈરાન સાઉદી પર મિસાઈલ છોડે (જેને સાઉદી નિષ્ફળ બનાવી દે) તો પણ ઈરાનનું ભીષણ આક્રમણ આવું કહીને પૉર્ટલ પર હેડિંગ મૂકવાનું અને ચેનલ પર ત્રાસ છૂટે તેવા ઢેં ઢેં સંગીત સાથે સતત એકના એક સમાચાર બતાવવાના ! શું દર મિનિટે ઈરાન મિસાઈલ છોડતું હશે? વાતું કરે છે !

અને પહેલા જ દિવસથી ઈઝરાયેલ તેમજ અમેરિકા તો યુધ્ધ હારી જ ગયા હતા ! ઈરાનના સર્વોચ્ચ મઝહબી વડા આયાતોલ્લાહ ખામેનેઈ, સંરક્ષણ પ્રધાન અઝીઝ નાસીરઝાદેહ, સુરક્ષા વડા અલી લારિજાની, ગુપ્તચર પ્રધાન ઈસ્માઈલ ખાતિબ, બાસિજ અર્ધસૈન્ય દળના વડા ઘોલામરેઝા સોલેમની માર્યા ગયા, સાત હજારથી વધુ લોકો માર્યા ગયા, ઈરાનનું ઊર્જા આંતરમાળખું ખોરવાઈ ગયું, ગેસ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વૉટર પ્લાન્ટ, ઑઈલ રિફાઈનરી, સ્ટીલ કંપની મુબારક સ્ટીલ કંપની પર આક્રમણ, ૧૨ પ્લાનેટરી મિક્સર્સના નાશથી મિસાઈલ બનાવવાની ક્ષમતા પર મોટો પ્રહાર, મોટા ભાગનું વાયુ રક્ષણ નેટવર્ક નાશ પામ્યું, ઈરાનનાં ૯૨ ટકા નૌ સેના જહાજો ડૂબી ગયાં તેમ છતાં ઈઝરાયેલની ઍર ડિફેન્સ સિસ્ટમે ઈરાનની મિસાઈલને નિષ્ફળ બનાવી હોય તો તે સમાચાર ભારતીય મીડિયા એવી રીતે બતાવે છે જાણે ઈરાને મોટો મીર માર્યો હોય. સૉશિયલ મીડિયામાં મીમમાં અર્શદ વારસી કહે છે ને તેમ આપણને કહેવાનું મન થાય, 'કહાં સે આતે હૈ યે લોગ'.

તમે જુઓ કે ભારતીય મીડિયાએ એક તરફી પ્રસારણમાં પાકિસ્તાનના સમાચાર નેટવર્ક પર મોસાદના મોટા આક્રમણના સમાચારને જે મહત્ત્વ આપવું જોઈએ તેવું ન આપ્યું. પાકિસ્તાનની મેઈનસ્ટ્રીમ ન્યૂઝ ચેનલો જીયો ટીવી, એઆરવાય અને સમાને મોસાદે હૅક કરી લીધી હતી અને પાકિસ્તાની સેના વિરુદ્ધ વલણ અપનાવવા પ્રજાને અનુરોધ કરતા મેસેજ પ્રસારિત કર્યા હતા !

હા, પાકિસ્તાન અમેરિકા અને ઈરાન વચ્ચે મધ્યસ્થી કરશે તેવા સમાચારને ગાઈવગાડીને ભારતના મીડિયાએ ચલાવ્યા-છાપ્યા અને 'ન્યૂઝ ૧૮' પર સાદ ઓમારે એવા સમાચાર પણ લખ્યા કે પાકિસ્તાનને દલાલીનો પુરસ્કાર મળી ગયો અને ઈરાને પાકિસ્તાનનાં જહાજોને હૉર્મુઝ સામુદ્રધૂનીમાંથી પસાર થવા છૂટ આપી છે. પરંતુ એ સમાચાર કોઈએ ન આપ્યા કે પાકિસ્તાનને દલાલીની સજા મળી

હા, એક મુસ્લિમ દેશ કતારે પાકિસ્તાની નાગરિકો માટે 'આગમન પર વિઝા' પર અસ્થાયી પ્રતિબંધ મૂકી દીધો ! આની સામે (સેક્યુલરિયાવ મુજબ, ઈરાન તરફી વલણ ન લીધું હોવા છતાં) ભારતીયોને કતાર 'આગમન પર વિઝા' આ યુધ્ધ સંકટમાં ચાલુ છે. એ પણ કોઈ મીડિયાએ ન કહ્યું કે ઈરાને સ્પષ્ટ કહી દીધું કે પાકિસ્તાનના કૂટનીતિના પ્રયાસોમાં ઈરાન સહભાગી નથી. તમે વિચારો કે ભારતનાં મીડિયામાં પાકિસ્તાન અને ઈરાન તરફી કેટલાં ગપગોળા ચલાવવામાં આવ્યા !



પાકિસ્તાને મધ્યસ્થીના પ્રયાસો કર્યા એવા સમાચાર તો ભારતના મીડિયાએ ચલાવ્યા પણ સાથે સૉશિયલ મીડિયા પર ડૉનાલ્ડ ટ્રમ્પની પત્રકાર પરિષદમાં થયેલી કૉમેન્ટ, જે પાકિસ્તાન માટે મોટા અપમાનરૂપી હતી

**ઈરાન યુદ્ધ બાબતે ભારતીય મીડિયાના મોટા વર્ગે ગજબ ગપગોળા ચલાવ્યા. એટલું જ નહીં, પાકિસ્તાન તરફી પણ સમાચારો ચલાવ્યા છે. પાકિસ્તાને મધ્યસ્થી કરી તેમાં તો જાણે પાકિસ્તાને મીર મારી લીધો હોય તેમ ગુણગાન ગવાવા લાગ્યા. ટ્રમ્પ વિરુદ્ધ પ્રદર્શન થઈ રહ્યાં છે. ટ્રમ્પે શરણાગતિ સ્વીકારી લીધી તેવા ગપ્પા પ્રાઇમ ટાઇમમાં ચલાવાયા.**

(આવું તો અનેક વાર ટ્રમ્પે કરેલું છે, દા. ત. ટ્રમ્પે શાહબાઝ શરીફની ઉપસ્થિતિમાં પણ પાકિસ્તાનનું અપમાન કરેલું છે) તે અંગે મૌન સાધી લીધું. ટ્રમ્પે કહ્યું કે "તેમને નબળા અથવા પરાજિત લોકો સાથે રહેવું ગમે છે. તેઓ સફળ માણસોને ધિક્કારે છે." ઑપરેશન સિંદૂર અંગે ભારત હારી ગયું છે તેવી કૉંગ્રેસી નેતા પૃથ્વીરાજ ચવ્હાણની ટીપ્પણીનો આથી મોટો બીજો કયો ઉત્તર હોઈ શકે?

ટ્રમ્પને 'મૂર્ખ' કહેનાર સુશાંતસિંહા જે વચ્ચે 'ન્યૂઝ કી પાઠશાળા'માં પરમ મોદી ભક્ત બની ગયા હતા (અને એનડીટીવીમાં હતા ત્યારે રાહુલ ગાંધી સૌથી લાયક કુંવારા છે અને કાર્યક્રમોમાં સ્ત્રીઓએ તેમના ગાલે પપ્પી કરી તેવા વાહિયાત સમાચાર ચલાવતા હતા) તેમણે નિરુપમા સુબ્રમણિયમે એક છાપામાં લખેલા લેખને ટ્વિટર પર શૅર કર્યો જેમાં નિરુપમાએ લખ્યું હતું કે "મધ્યસ્થી કરવા માટેના પાકિસ્તાનના પ્રયાસોની મજાક ઉડાવવાથી ભારતને કોઈ સહાય નહીં મળે. શાબ્દિક રમતથી ભારતના લોકો પ્રસન્ન થશે પરંતુ તે ભારતને ખરાબ સ્થિતિમાં મૂકે છે."

નિરુપમા સુબ્રમણિયમ મોદી વિરોધી છે તે તો જાણીતી વાત છે, પરંતુ ભારત વિરોધી થઈ ગયાં? અને સુશાંતસિંહા તેમની સાથે સંમત થઈ ગયા? એ તો ઠીક, પરંતુ ટ્રમ્પને મૂર્ખ કહેવું એ આપણી વિદેશી નીતિ સાથે સુસંગત નથી. વિદેશી નીતિ મુજબ, મિત્ર દેશ (અને તેમાંય અમેરિકા તો શક્તિશાળી દેશ)ના વડાને મૂર્ખ કહેવા એ બે દેશો વચ્ચે સંબંધ બગાડી શકે. એક તરફ, ભારતના મિત્ર દેશના વડાને મૂર્ખ કહેવા અને બીજી બાજુ, શત્રુ દેશ પાકિસ્તાનની વાહ-વાહ. આ બંને બાબતો ભારતની વિદેશ નીતિ મુજબ ખોટી છે અને તેના પર નિયંત્રણ હોવું જોઈએ.

'ધ વાયર' તો હાર્ડકૉર લેફ્ટિસ્ટ છે જ. તેણે લખ્યું, "મધ્યસ્થી તરીકે પાકિસ્તાનને લાભ જ લાભ છે." બીજા એક સમાચારમાં (અગાઉ ૧૦ માર્ચે) લખ્યું હતું, "ત્રીજા વખતની મોદી સરકારની પશ્ચિમ એશિયા પરની નીતિથી ભારતનાં હિતો ખોરવાયાં છે અને ભારતે વિશ્વાસ પણ ગુમાવ્યો છે."

ભારતનાં હિતો ખોરવાયાં હોય તો ઈરાન હૉર્મુઝ સામુદ્રધૂનીમાંથી ભારતના ચારથી વધુ જહાજોને સુરક્ષિત રીતે કેવી રીતે જવા દે? મુસ્લિમ સહિત ૧,૨૦૦ ભારતીયોને પોતાને ત્યાંથી ભારત પાછા કેવી રીતે આવવા દે?

અમેરિકાના પોતાને વ્હાઈટ હાઉસ માન્ય પત્રકાર ગણાવતા ડોમ લ્યુકરે પણ ઈરાન યુધ્ધ પર ભારતીય મીડિયાના વધુ પડતા સનસનાટી ભર્યા કવરેજની નિંદા કરી અને 'ટ્વિટર' પર લખ્યું, "ભારતીય સરકારી મીડિયાનું ઈરાન યુધ્ધ પરનું કવરેજ પૃથ્વી પરના બાકીના ભાગ કરતાં વધુ પડતા સનસનાટીભર્યા કવરેજના કારણે વાઈરલ બની રહ્યું છે." જોકે ડોમે જે ક્લિપ મૂકી હતી તે દૂરદર્શનની અર્થાત્ સરકારી મીડિયાની નહોતી, તે ખાનગી ચેનલની હતી.

રવીશકુમાર બાકી રહી જાય? તેમણે તો કહ્યું, 'ઈસ યુદ્ધ મેં પાકિસ્તાન કા રૉલ અચાનક બડા દિખને લગા હૈ'.

પરંતુ ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરે

**વિચાર વલોણું**



**જયવંત પંડ્યા**

તેમની સ્ટાઈલ મુજબ, પાકિસ્તાનને દલાલ કહ્યું. ઘણા સેક્યુલરિયાવને આ ભાષા અંગે ખોટું લાગી ગયું ! (જો એક ફિલ્મ 'ધૂરંધર' જે કાલ્પનિક હોવાનું ડિસ્ક્લેમર આપી સચ્ચાઈ બતાવે છે તેનાથી ખોટું લાગી જતું હોય તો આ તો વિદેશ પ્રધાને કહ્યું, તેનાથી તો ખોટું લાગે જ ને !)

પાકિસ્તાન જ્યારે ઈરાન અને અમેરિકા વચ્ચે મોટો ભા બનવાનો પ્રયાસ કરતું હતું ત્યારે ઈરાનના રાજદૂત મોહમ્મદ ફથાલી ભારતમાં કહી રહ્યા હતા, "ભારત વિશ્વાસુ અને એક સ્થિતિ પર રહેલું મધ્યસ્થી છે. ભારત આ યુધ્ધ અટકાવવામાં મોટી ભૂમિકા નિભાવી શકે છે." આ ટીપ્પણીને ભારતીય મીડિયાએ બતાવી તો ખરી, પરંતુ ખૂણે ખાંચરે.

ડૉનાલ્ડ ટ્રમ્પે ઈરાનને વાતચીતની તક આપવા ત્રણ-ચાર દિવસ આક્રમણ બંધ રાખવા જાહેરાત કરી એમાં તો યુટ્યૂબરો અને તેમની સાથે ગપગોળા ફેલાવવાની સ્પર્ધામાં ઉતરેલા એન્કરો બરાડવા લાગ્યા : ટ્રમ્પની શરણાગતિ ! અમેરિકા હારી ગયું.

શત્રુ ભક્તિ જેવા એક સમાચાર એવા પણ ચલાવાયા કે 'હૉર્મુઝથી તેલ ટેન્કર નીકળે કે ફસાયેલા રહે, ચીનને કોઈ ચિંતા નથી. કારણ જાણો.' અને અંદર કારણ શું બતાવાયું હતું? જો ચીને કોઈ આગોતરી યોજના કરી હોય તો બરાબર પણ અંદર કારણ એ બતાવ્યું હતું કે ચીનમાં ઈલેક્ટ્રિક વાહનોનો વપરાશ વધી રહ્યો છે, બોલો ! આટલી નાની લાઈન પર આવા હેડિંગ સાથેના સમાચાર બનાવી નાખ્યા. આવું તો ભારતમાં પણ થાય છે, પરંતુ ભારત માટે તો આ જ મીડિયા એમ અનેકવાર લખે છે કે ભારતમાં ગેસનું સંકટ, પેટ્રૉલ-ડીઝલનું સંકટ.

ભારતના મીડિયામાં, 'ટ્રમ્પની લોકપ્રિયતા ઘટી રહી છે અને તેમની વિરુધ્ધ પ્રદર્શન થઈ રહ્યાં છે' તેવા સમાચાર અમેરિકાના સીએનએન જેવા લેફ્ટ-ઈસ્લામિક મીડિયાના સમાચારનો એઆઈ અનુવાદ કરીને આવ્યા, પરંતુ સામી બાજુ શું છે તે નથી બતાવ્યું. અમેરિકાની ફૉક્સ ન્યૂઝ ચેનલે કરેલા એક પૉલ મુજબ, ટ્રમ્પની લોકપ્રિયતા વધી છે. જે લોકો ખરેખર અમેરિકા વતી સીમા પર લડ્યા છે તેવા નિવૃત્ત પુરુષ અને મહિલા સૈનિકો ટ્રમ્પની પડખે મજબૂતીથી ઊભા છે. ઈરાન સામે અમેરિકાની સૈન્ય કાર્યવાહીને તેમણે સમર્થન આપ્યું છે. એટલું જ નહીં, ટ્રમ્પના સમર્થનમાં અનેક અમેરિકનોએ રેલી કાઢી હતી. (જુઓ ૩૦ માર્ચનું અમેરિકી પત્રકાર બ્રાન્ડન સ્ટ્રાકા વૉકઅવેનું ટ્વીટ).

ભારતીય મીડિયાએ આ પણ ન બતાવ્યું. એક ઈરાની અમેરિકી કહે છે કે "આ (યુધ્ધ) ૪૭ વર્ષ પહેલાં કરવાની આવશ્યકતા હતી. પરંતુ અત્યાર સુધી કોઈનામાં તે કરવાનું સાહસ નહોતું. એક વાર ઈરાનમાં લોકતંત્ર સ્થપાઈ જશે તો મધ્ય પશ્ચિમમાં ઈઝરાયેલ પછી લોકતંત્રવાળો બીજો દેશ હશે અને તો વિશ્વ આખું ત્રાસવાદમાંથી મુક્ત થઈ જશે."

બીજી તરફ, ચીને પાકિસ્તાન પર ચીનની ઊર્જા કંપનીના ચડી ગયેલા ૨૨ કરોડ ડૉલરના ઋણને ચૂકવવા કડક ચેતવણી આપી છે. જો તે નહીં ચૂકવે તો પ્રૉજેક્ટ ઠપ થઈ જશે તેમ તેણે કહ્યું છે. આમ, પાકિસ્તાનમાં ચીન અને ચીનના દેવામાં પાકિસ્તાન- બંને એકબીજાના કારણે ફસાયાં છે. પરંતુ ભારતના સેક્યુલર મીડિયા માટે આવા સમાચાર મહત્ત્વના જ નથી. તેમના માટે તો ભારત કા દુશ્મન અપના મિત્ર.

યથાર્થમાં, ભારતમાં મીડિયાનું વલણ ઈરાન તરફી કેમ રહ્યું? શિયાઓની ટીઆરપી મેળવવા. સાથે જ જે લેફ્ટ-ઈસ્લામિક ઈકૉ સિસ્ટમ છે તે પણ કારણભૂત રહી. અમેરિકામાં 'ન્યૂ યૉર્ક ટાઈમ્સ', 'સીએનએન' જેવાં લેફ્ટ-ઈસ્લામિક મીડિયા ડૉનાલ્ડ ટ્રમ્પના વિરોધી છે. એટલે તેઓ અમેરિકા વિરોધી સમાચાર લખે છે જેને અહીંના મીડિયામાં ભાષાંતરિત કરીને છપાય છે. દા. ત. ૨૪ માર્ચે 'ન્યૂ યૉર્ક ટાઈમ્સ'એ લખ્યું, 'અમેરિકા શરૂઆતથી જ ઈરાન સામેનું યુધ્ધ હારી ગયું હતું અને મોસાદની યોજના પડી ભાંગી હતી અને ઈરાની લોકો વિશે એવું મનાતું હતું કે તેઓ શાસન સામે વિદ્રોહ કરશે તેઓ એક થઈ ગયા.'

સ્મરણ હોય તો, યુક્રેઈન-રશિયાના યુધ્ધની શરૂઆતથી લઈને બેએક વર્ષ સુધી ભારતીય મીડિયાએ યુક્રેઈન તરફી જ વાજું વગાડ્યું હતું. તે વખતે અમેરિકા યુક્રેઈન પડખે ઊભું હતું, શસ્ત્રો પૂરા પાડતું હતું, પરંતુ મીડિયાને કે બુધ્ધુજીવીઓને અમેરિકાની સંહારની નીતિ સામે વાંધો નહોતો ! ઈરાન વખતે તેમનો આત્મા જાગી ગયો છે. યુધ્ધ તો સંહાર જ નોતરે છે તેવી સ્મશાન વૈરાગ્ય જેવી વાતો કરવા લાગ્યા છે. તે વખતે મીડિયાએ, 'રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુતિનને કેન્સર છે', 'તેમની સામે બળવો થયો છે', 'યુક્રેઈનના જૉકર જેવા ઝેલન્સ્કી રશિયાને કેવી ટક્કર આપે છે', 'રશિયા ચપટીમાં જીતી જાય તેમ હતું તો કેમ નથી જીતતું?' આવા સમાચારો આપ-આપ કર્યા.

પરંતુ તમે જુઓ કે રશિયાને જેટલું બતાવે છે તેવું નુકસાન નથી થયું. તેનું અર્થતંત્ર તો મજબૂત થયું છે ! એક પ્રશ્નનો ઉત્તર વિચાર્યો? યુક્રેઈન-રશિયા યુધ્ધ કેમ લાંબું ખેંચાયું? એમાં રશિયાને શો ફાયદો? કારણ એ જ કે રશિયાને યુરોપને પાઠ ભણાવવો હતો. અને ઈરાન યુધ્ધમાં અમેરિકાને ચીન-ભારતને પાઠ ભણાવવો છે. પેટ્રૉલ-ડીઝલ અને ગેસનું સંકટ થાય તો જ પ્રજા બળવો કરે. મોદી સરકાર ઉથલે. આ પહેલાં ઘણા પ્રયાસો કરી જોયા પણ સફળ ન થયા. રશિયાની યુરોપને પાઠ ભણાવવાની ચાલમાં અમેરિકાનો પણ તેને આડકતરો સાથ મળ્યો, વિશેષ તો ટ્રમ્પના આવ્યા પછી. કારણકે યુરોપ ચીન તરફ ઢળવા લાગ્યું હતું (છેલ્લાં એક વર્ષથી ભારત તરફ પણ ઢળ્યું છે.). વર્તમાન ઈરાન સામેના યુધ્ધમાં પણ યુરોપનો ટેકો અમેરિકાને મળ્યો નથી.

ઈતિહાસ જોશો તો સમજાશે, બીજા વિશ્વ યુધ્ધ પછી અમેરિકા અને સોવિયેત સંઘ (અત્યારે રશિયા)એ શીત યુધ્ધ કર્યું અને દુનિયાને બે ભાગમાં વહેંચી દીધી. (પૃથ્વી ગોળ છે તે રીતે વિચારશો તો બંને પડોશી છે ! બંને વચ્ચે માત્ર ૫૫ માઈલનું અંતર જ છે.) જર્મનીમાં પૂર્વ જર્મની સોવિયેતનું, પશ્ચિમ જર્મની અમેરિકા તરફી, ઉત્તર કોરિયા સોવિયેત તરફી, દક્ષિણ કોરિયા અમેરિકા તરફી, જાપાન અમેરિકા તરફી, ચીન સોવિયેત સંઘ તરફી, ભારત સોવિયેત સંઘ તરફી (અટલજી પહેલાં), પાકિસ્તાન અમેરિકા તરફી, સાઉદી-યુએઈ-ઈરાક અમેરિકા તરફી, ઈરાન સોવિયેત સંઘ તરફી પણ 'હંગામા'ના નંદુ અને જીતુની જેમ આ બંને દેશોએ સદા વાક્યુધ્ધો જ કર્યા. ખાંડાં ક્યારેય ન ખખડાવ્યા. દુનિયાને બધાવે રાખી. આજે હવે તેઓ આવું વિભાજન તો કરી શકે તેમ નથી એટલે આ નવી રણનીતિ અપનાવી છે. ■

jaywant.pandya@gmail.com

# યુદ્ધ અને શાંતિ – ભ્રમ અને ભ્રાંતિ

કોઈપણ રાષ્ટ્ર બે ત્રણ આયામો થકી ઓળખ પામે છે. રાષ્ટ્રની પોતાની સંસ્કૃતિક ધરોહર, રાષ્ટ્રીય ચારિત્ર્ય અને નૈતિક મુલ્યો, પરંપરા અને ઓળખ, રાષ્ટ્રની આર્થિક, રાજકીય અને આંતરરાષ્ટ્રીય તાકાત, રાષ્ટ્રની પ્રજા અને નેતા. રાષ્ટ્ર માટે યુધ્ધ અને શાંતિ, વિજય અને પરાજય, પ્રગતિ અને અધોગતિનો ભૂતકાળ છોડી ગયેલ પ્રજા અને નેતા. દેશનું પોતાનું એક ટીમ્બર હોય છે. પ્રજાનું ખમીર અને મિજાજ, નેતાગીરીનો એક મિડાસ ટચ અને કુનેહ હોય છે. આખું વિશ્વ કોઈપણ રાષ્ટ્રની તાકાતનું આકલન તત્કાલીન નેતાગીરી અને તેની વૈશ્વિક નીતિઓને આધારે કરતુ હોય છે. આજે ઈરાન આયાતોલ્લાહ ખામેઈનીથી ઓળખાય છે, અમેરિકા ડોનાલ્ડ ટ્રંપના નામથી ઓળખાઈ રહ્યું છે. સવાલ એ છે કે આ બંને નામોએ જે તે દેશોને શું આપ્યું ?

વિશ્વની નંબર વન સૈન્ય તાકાત ધરાવતો દેશે જો વિશ્વની સોળમાં નંબરની સૈન્ય તાકાત ધરાવતા દેશ સામે જો યુધ્ધની બહાર નીકળવાના એક્ઝીટ પ્લાન શોધવો પડતો હોય તો તેના માટે ગુજરાતીમાં એક કહેવત છે કે સાંપે છછુંદર ગળ્યો. ૧૯૭૧ના ભારત પાકિસ્તાન યુધ્ધ વખતે પાકિસ્તાનમાં જે પ્રચાર પ્રસાર ફેલાવવામાં આવ્યો હતો એ મુજબ એકસો હિંદુ બનિયા માટે એક મુસલમાન કાફી છે. ઈસ્લામની ફૌજ માટે લાલ કિલ્લા પર લીલો પરચમ લહેરાવવો ડાબા હાથનો ખેલ છે. હિન્દુસ્તાનને ચપટી વગાડતા જ મીટ્ટીમાં મિલાવી દેવામાં આવશે. ત્યારે હિન્દુસ્તાનનું શાસન ઈન્દિરા ગાંધીના હાથમાં હતું. પાકિસ્તાનીઓ મજાક ઉડાવી રહ્યા હતા કે 'એક ઔરત ક્યાં લડાઈ લડેગી ?' પણ જયારે યુધ્ધ થયું ત્યારે જે થયું એ ઈતિહાસ છે. લગભગ દરેક મોરચે પાકિસ્તાનની સેનાની એવી ધોલાઈ થઈ કે આજદિન સુધી પાકિસ્તાની સેના સાડા પાંચ દાયકા બાદ પણ એ ભયના આઘાતમાંથી બહાર આવી શકી નથી. ૯૩૦૦૦ સૈનિકોના આત્મસમર્પણનો કાળો ધબ્બો પાકિસ્તાન સેનાના કપાળે લખાઈ ગયો છે. ભારતીય સેનાના નિવૃત લેફ્ટનન્ટ જનરલ કે.જે. એસ. ઢીલ્લો, જેમણે પોતાની ફૌજી જીવન આધારે એક બુક લખી છે 'કિતને ગાજી આયે, કિતને ગાજી ગયે.', એમણે એક વાત કહી છે કે સૌપ્રથમ રાજકીય ધ્યેય અને ઈચ્છાશક્તિ નક્કી થાય છે, એ આધારે સૈન્યના ધ્યેય નક્કી કરવામાં આવે છે અને જયારે સૈન્યના ધ્યેય નક્કી થઈ જાય છે ત્યારબાદ સૈન્યની રણનીતિ બનાવવામાં આવે છે. સૈન્યની રણનીતિ બની ગયા બાદ સૈન્ય ઓપરેશનનો નિર્ણય કરવામાં આવે છે. દેશના કોઈ નેતાને સનક ઉપડે કે ફલાણા દેશ પર હુમલો કરી દઈએ, એ આધારે કોઈ સૈન્ય કાર્યવાહી કરવી એ આત્મઘાત બની શકે છે. એમણે પોતાની બુકમાં કાશ્મીરના પોતાના પોસ્ટીંગ વખતે ધારા ૩૭૦ ઉન્મૂલન વખતેના ભારતના ગૃહમંત્રી સાથેના પોતાના સવારના નાસ્તાનો ઉલ્લેખ કરીને રાજનીતિક અને લશ્કરી બંને તાકાતોના સમન્વય થકી સફળતાનો પ્રસંગ આલેખ્યો છે કે જયારે દેશ અનુચ્છેદ ૩૭૦ નિર્મુલન માટે તૈયારી કરી રહ્યો હતો ત્યારે ક્યા સ્તરનું માઈક્રો પ્લાનિંગ કરવામાં આવ્યું હતું એ એમની બુકમાં એમણે અદ્ભુત આલેખન કરેલ છે.

તમારો રાજકીય મહત્વકાંક્ષી ફીતુર કે સનક લાખો કરોડોના મુકદરની રમત બની જાય ત્યારે વર્તમાન તમને સિતમગર તરીકે મુલાવવાનું શરુ કરે છે. ઈતિહાસ

**રાજકીય રસધાર**



**પ્રવીણ માધાણી**

તત્કાલીન અમેરિકન પ્રમુખને કદાચ બીજું કોઈ સંબોધન પણ કરશે. ઈરાન બેશક એક આતંકવાદી પોષક પરસ્ત દેશ છે. આતંકવાદ ઈરાનની વિદેશનીતિનો એક સબ્જેક્ટ છે. હુતી, હિઝબુલ્લાહ અને હમાસ જેવા પ્રોક્સી આતંકવાદી સંગઠનોને પાળી પોષીને મોટા ઈરાને કર્યા છે. આ બધા સંગઠનો જેના આશરે હતા તેને રોકવાની જરૂર હતી. એની ગંભીરતા આખા વિશ્વને ખબર હતી, કારણકે ઈરાનની આતંકવાદ માટેની વ્યાખ્યા સ્પષ્ટ છે, 'આતંકવાદ ગરીબોનો એટમબોમ્બ છે.' તેની પરમાણું શક્તિ આખા વિશ્વ માટે ખતરો બની શકે છે. પણ આજે જે અર્ધું વિશ્વ પીડાઈ રહ્યું છે તેનો ઉકેલ શોધવો રહ્યો, અથવા પહેલા કહ્યું તેમ યુધ્ધ પહેલા રણનીતિ જરૂરી હતી. અથવા ઈરાકની અદ્રશ્ય તાકાતથી વાકેફ થઈ જવાની જરૂર હતી. હોર્મુઝ અંગેની કલ્પના કોઈ યુધ્ધ વિશેષજ્ઞને નહોતી ? જો આમ નથી થયું તો શું આ બધી વાતને કોરાણે મુકીને યુધ્ધ કરી લેવા જેવું કોઈ મજબૂત કારણ હતું ? અમેરિકાના યુધ્ધ બાદ હવે આ આખી વ્યવસ્થા ખામેઈનીની હત્યા બાદ આઈ આર જી સી જેવા સંગઠનના હાથમાં જઈ નહિ પડે તેની શું ખાતરી ? જો એમ થઈ જશે તો હાલત પહેલાથી પણ ખરાબ થઈ જવાની પૂરી શક્યતા છે.

પ્રાચીન ચીની લશ્કરી વ્યૂહરચનાકાર સન ત્ઝુ દ્વારા છઠ્ઠી સદી પૂર્વે લખાયેલ લશ્કરી રણનીતિ પરના પુસ્તક છે 'ધ આર્ટ ઓફ વોર'માં લડ્યા વગર યુધ્ધ જીતવું, દુશ્મનની નબળાઈ જાણીને યુધ્ધમાં ઉતરવું, અને યુધ્ધના વ્યૂહાત્મક આયોજન અંગે વિષદ લખાણ છે. એ બુકમાં સન ત્ઝુએ લખ્યું છે કે તમારા દુશ્મનને તમારી જાત જેટલો જાણો, ત્યારબાદ તેની સાથે સંઘર્ષમાં ઉતરો. અમેરિકા અને ઈઝરાયેલ કદાચ આ વાત ચુકી ગયું છે. ઈસ્લામ ખાતર જે લડી રહ્યા છે તેને વિશ્વની આર્થિક મુશ્કેલીઓ અંગે કોઈ પરવા કેમ હોય? હવે જો રીજીમ ચેન્જ કરવાના ચક્કરમાં સત્તા આઈઆરજીસી પાસે ગઈ તો એ આવનારા સમયમાં ઈઝરાયેલ અને અમેરિકાને ભારી પડી શકે છે. યુધ્ધના તત્કાલ પરિણામો નજર સામે છે, આખા વિશ્વમાં ઉર્જા કટોકટી સર્જાઈ રહી છે. ભારત જેવા અનેક દેશોમાં નાનો માણસ એલપીજી ગેસ સીલીન્ડરની કતારમાં ઉભો રહી ગયો છે. દુરગામી પરિણામો અત્યારે અંદાઝો અને આકલનો મુકવાની બાબત છે.

ક્વિક નોટ - ઘેરાયેલા દુશ્મન માટે ભાગવાનો એક રસ્તો હમેશા ખુલ્લો રાખવો, જો જીવ બચાવવાનો માર્ગ દેખાતો હશે તો દુશ્મનની સંઘર્ષશક્તિ અર્ધી થઈ જશે. – માઓત્સે તુંગ ■

production@infiniumpharmachem.com

# પત્નીને "એપ્રિલ ફૂલ" કઈ રીતે બનાવાય ?

**હાસ્યાય નમ:**



**ડૉ. પ્રકાશ દવે**
**૯૫૭૪૩૭૪૪૫૩**

(૧)ગામડામાં સવારે મોર અને બીજા પક્ષીના અવાજો સંભળાય જયારે શહેરમાં?
રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)
મોર અને પક્ષીને ગામડામાં મૂકી શહેરમાં આવેલા લોકોના.

(૨)તમે ભુલા પડ્યા છો?
ધવલભાઈ પાનવાળા (રાજકોટ)
તમને જડ્યો છું?

(૩) માન રાખ્યું કોને કહેવાય?
રામભાઈ પટેલ (સુરત)
ઘરમાં બે ઘડિયાળ હોય, એકમાં સવા નવ અને બીજીમાં પોણા દસ વાગ્યા હોય અને તમે સાડા નવ વાગ્યા એવું માનો એને બન્નેનું માન રાખ્યું કહેવાય.

(૪)પગથિયા ઉપર ચડવા માટે હોય છે કે નીચે ઉતરવા માટે?
દર્શન પટેલ (વડોદરા)
આવું લાંબુ લાંબુ વિચારવા માટે.

(૫) મુઝે નીંદ ન આયે, મુઝે ચેન ન આયે.. આવું ક્યારે થાય?
રમાબેન પટેલ (અમદાવાદ)
બે દાંત વચ્ચે કંઈક ફસાઈ જાય ત્યારે.

(૬)હેડકી આવે છે. કોણ યાદ કરતું હશે?
નીરવ ડણાંક (અમરેલી)
ફોન કરી પૂછી જુઓ. લગભગ તો તમે જે ધારો છો એ જ હશે.

(૭)પત્નીને 'એપ્રિલ ફૂલ' કઈ રીતે બનાવાય?
કનુભાઈ પરમાર (દામનગર)
'તમે સુંદર છો' એમ કહીને.

(૮) કેટલાક શિક્ષકને વર્ગમાં જવાનું ગમતું નથી તો તેમને ક્યાં મોકલવા?
કમલેશ મકવાણા (બોડેલી )
મેદાનમાં.. લીમડાના છાંયે ભલેને ભણાવતા.

(૯)ગેસના બાટલાની વ્યવસ્થા હાસ્ય કલાકારોને સોંપે તો તમે તમારા વાચકો માટે રાખશો?
રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)
અમારી પાસે તો લાફીંગ ગેસ હોય.. !

(૧૦)સાહેબ, તમારા મતે કઈ સરકાર સારી?
ભરતભાઈ ડાંગર (ગળકોટડી)
અમિતાભ બચ્ચન હીરો છે એ 'સરકાર' ફિલ્મ મને સારી લાગી.

(૧૧)દવે સાહેબ! હું કોણ છું? ધાર્મિક જવાબ આપશોજી. બાલુભાઈ કિકાણી (લીલીયા મોટા)
તમે જે છો એ તમે નથી અને તમે જે નથી એ તમે છો! વિસ્તૃત જવાબ માટે આપ ભાગવત સપ્તાહ બેસાડો તો પ્રેમથી કરી આપીશું.

(૧૨)તમને ભરેલાં મમરાનું શાક બનાવતાં આવડે?
ધોરાજીયા કેવિન ઘનશ્યામ સાજણટીંબા (કેનેડા)
હું તમને એકેય બાજુથી કંદોઈ લાગુ છું?!

(૧૩)સાહેબ..! તમે ભણવામાં એકદમ ઠોઠ હતા તો પણ આ કોલમ કેમ ફાવી ગઈ?
ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)
કોલમમાં જવાબ ગોખીને ન આપવાના હોય.

(૧૪)તમને મિસાઈલ બનાવતાં આવડે છે?
ધોરાજીયા ચંદ્રકાન્ત એન. (સાજણટીંબા)
ખાડી દેશોમાં અત્યારે ધણધણાટી બોલાવે છે એ કોણે બનાવી છે?!

(૧૫)ચંદ્રને ચાંદામામા કહેવાય છે, પરંતુ સૂર્યને કેમ સૂર્યમામા નથી કહેવાતું?
યોગેશભાઈ આર. જોશી (હાલોલ)
સૂરજદાદા સરળતાથી કોઈના 'મામા' બની જાય એવા સરળ નથી! ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**




# આપડા છોકરાવને નોકરી તો મળે એમ લાગતું નથી તો હવે શું કરવું ?

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય


દેશના તમામ પ્રશ્નો અને સમસ્યાઓ માટે રાજકારણ એક બાબતમાં તો આશ્વાસન છે કે બધું જ એ ક્ષેત્ર અને એના નેતાઓ પર ઢોળી શકાય છે. આ હૈયાધારણા નાનીસૂની નથી, કારણ કે એને કારણે સમાજ પોતે પોતાની ભૂલભરેલી પ્રણાલિકાઓ, અપરાધી મનોવૃત્તિઓ અને ગેરસમજો તથા સાવ ખોટ્ટી માન્યતાઓને છુપાવી રાખે છે જયારે કે વાંક સમાજકારણ અને રાજકારણનો સમાન ભાગનો હોય છે. જે બેરોજગારોને નોકરી અપાવવાની વાતો ચોરતરફ ગુંજે છે તેમાં એ યુવક અને યુવતીઓની ક્ષમતાઓ વિશે ભાગ્યે જ વાત થાય છે. સારું છે કે રાજ્ય અને કેન્દ્ર સરકારની ભરતી પ્રક્રિયા અંતર્ગતની પરીક્ષાઓ આ બેરોજગારોને સમયાંતરે એ અહેસાસ કરાવતી રહે છે કે તેઓએ તેમના અભ્યાસકાળમાં અને પછી કેટલો વ્યર્થ રઝળપાટ કર્યો છે ! એટલે કે જલસા જ કર્યા છે. એમાં કોરોના નામક જે વેકેશન બહુ લાંબુ ચાલ્યું એમાં તો હીરા ને પથરા બેય પર ધૂળ ચડી ગઈ છે.

બહારથી દેખાતા રોલમોડેલ ઉપરાંતના પણ કેટલાક રોલમોડેલ હવે દેખાવા લાગ્યા છે, આ એક નવી હવા છે, જેમાં સરકારી પરીક્ષાઓમાં સફળ નીવડતા ઉમેદવારો છે. કલાસ - વન કે કલાસ - ટુની વાત તો ઠીક છે, સરકારી કર્મચારીઓમાં તલાટી પણ હવે રોલ મોડેલ તરીકે દેખાય છે કારણ કે એ પરીક્ષામાં ઉત્તીર્ણ થવાનું કામ ધૂમ કલ્ચરમાં બાઈક ચલાવનારાઓનું તો નથી જ. અત્યારે રાજકારણીઓને ઠપકો આપવાના બહાને આ બેરોજગારોને પંપાળીને જે રીતે ભારતીય સમાજ ઉછેરે છે તે ખરેખર તો નવી પેઢીનું અહિત જ કરે છે. આજના યુવા વર્ગને ઘઉંની સિઝનમાં એ પણ ખબર હોય છે કે તેમના પરિવારને વાર્ષિક ખરેખર કેટલા ઘઉંની જરૂર હોય છે ? ચોખા ભરવાની સિઝન અને મસાલા તૈયાર કરવાની સિઝન વચ્ચે કોઈ અંતર ખરું કે સાથે જ આવે ? અરે તેમને શાક માર્કેટમાં મોકલીને કહો કે ચાર મહેમાન આવવાના છે એટલે વધારાના શાકભાજી લઈ આવો, તો પણ તેઓ જે થેલી લાવે તેમાંથી ગુણવત્તા અને સપ્રમાણતાને બદલે છબરડાઓ વધુ ઊંચકીને લેતા આવશે.

ઘરમાં બેટા... બેટા.... કહીને માત્ર ઉછેરીને મોટા કરી આપેલા આ સંતાનો તેમની પોતાની જ જિંદગીમાં અધિક વાત્સલ્યના ગેરલાભ જાણે એ પહેલા એને વ્યવહાર જ્ઞાન આપવાની જરૂર છે. જે ગુજરાતી સમાજ એક જમાનામાં પોતાની રળતર આવડતની કુશળતા પર મુસ્તાક હતો એ જ ગુજરાતી સમાજ આજે ટચૂકડી જાહેરખબરોમાં પોતાના સંતાનોનું ભવિષ્ય શોધતો થઈ ગયો હોય તો એના કારણો બહુ નિરાંતે, બહુ ઊંડાણથી અને કોઈનાય ઉપર આક્ષેપ કર્યા વિના શોધવા પડશે. આપણી નવી પેઢીમાં ક્ષમતાઓ છે તે આમ તો તેને વ્યર્થ પ્રશંસાઓથી બુઠ્ઠી કરી નાંખ્યા વિના દિશા આપવા માટેની છે. પરંતુ સંખ્યાબંધ પરિવારો એવા પણ જોવા મળે છે કે જેમણે સંતાનોને પડતા મૂકી દીધા છે. એટલે કે વિવાદ કે ચર્ચા ટાળવા માટે વડીલો, આ સંતાનોને સાંભળીને તુરત સંમત થઈ જાય છે. આને કારણે નવી પેઢીને એક જ મુદ્દામાં અનેક ડાયમેન્શનથી વિચારશીલતા અને તાર્કિકતા કેળવવાનો જે લાભ મળવો જોઈએ તે બાકી રહી જાય છે.

ટેકનોલોજીનો વિકાસ સર્વસ્વીકૃત છે. એ વિકસી ગયેલી ટેકનોલોજીને આ નવી પેઢી જે અકારણ મનોરંજનનો સમય આપે છે તે અસ્વીકૃત છે. આ મતભેદનો વિસ્તાર છે. તેઓ કહે છે કે આ મોબાઈલ ફોન જ અમારું કાર્યાલય, બ્રિફકેસ, મિત્રમંડળ જે કહો તે છે. વડીલો હજુ તેમની સાથે સંમત નથી, કારણ કે તેઓ જુએ છે કે પીરસાયેલી ગરમાગરમી ગુજરાતી માધુર્યથી મહેંકતી અને માતૃહસ્તેન ભોજનમ્ પ્રમાણે તૈયાર થયેલી સોનેરી ટુકડા કે દાઉદખાની ઘઉંની રોટલી સાવ ઠરીને ઠીકરું ન થઈ જાય ત્યાં સુધી સંતાનો થાળી પર બેસતા નથી. તેમના હાથમાં જ એક એવું ચુંબક છે જેની સાથે મોબાઈલ ફોન હવે સર્વકાળે એટેચ છે. આ એટેચમેન્ટને કારણે પરિવારના કુદરતદત્ત અનેક સુખ ડિટેચ ને ક્રોસ થઈ રહ્યા છે. મિસ્ટર મોદીએ સ્ટાર્ટઅપ ઈન્ડિયાની નવી પરિભાષા તરતી મૂકી એને કારણે કેટલાક સંતાનો તેમના વાલીઓને કહી રહ્યા છે કે આપણી પાસે મૂળભૂત કેપિટલ જ નથી તો હું આંતરપ્રિનિયોર શી રીતે બનું? વાલીઓની કેપિટલ જ આ સંતાનો છે. તેમણે સંતાનો માટે બધું જ સમર્પિત કરેલું હોય છે. ■

# ઉલઝન પ્રગટે છે અને આનંદની આંખોમાં ભારેલો અગ્નિ !



## રાગ - વૈરાગ - ૧૭

લઘુનવલકથા

યોગેશ પંડયા

આ તરફ,આખી જીપ ભરીને આનંદનાં માતાપિતા નજીકનાં સગાંવહાલાઓને લઈને સુમનને ચૂંદડી ઓઢાડવા ગયાં. પ્રસંગમાં મહેમાનોની પૂછપરછને લીધે અને આટલી બધી ગૂંગળામણને લીધે આનંદના દિલને જાણે બેચેની લાગવા માંડી.. આ અકળામણ તેણે હર્ષદને પણ કહી, પણ શુભપ્રસંગની વિધિ સંપન્ન થાય પછી જ પોતે મુક્ત થાય એમ હતું.

સુમન સાથે જોડાવાથી જાણે પોતાની સ્વતંત્રતા ઝૂંટવાઈ ગઈ એવો અહેસાસ થઈ ગયો. ઓછામાં પૂરું સવારથી જ સુમનની ક્લાસમેટ્સ, અને સગપણમાં થતી કાકા-મામા-ફઈની દીકરીઓ, નાની બહેનો, જીજાજી બનેલા આનંદની મજાક મશ્કરી કરતી જ રહી હતી.અત્યાર સુધીમાં કોઈનો તોછડો શબ્દેય નહીં સાંભળનારો આનંદ એક ક્ષણે તો ઉગ્ર બની ગયો.

સુમનની, ફૈબાની દીકરી બહેન થતી કામિનીની તોછડી, અભદ્ર ભાષાએ તો આનંદ ઉપર જ સંભળાવેલો એક જોક્સ ઉપર તો આ વૃંદ ખડખડાટ હસી પડયું અને આનંદનો મગજ ગયો.પોતાના બાપ- દાદા ઉપર થયેલી સસ્તી મજાકથી તો આનંદનો પારો સાતમા આસમાને ચડી ગયો ને એ ત્રાડી ઊઠ્યો, ‘‘હું કાંઈ તમારા લોકોના બાપદાદાના પૈસે નથી જીવતો કે તમે મનફાવે તેવી મજાક કરો. એલફેલ બકવાસ બંધ કરો. હું નથી મવાલી કે નથી તમારો ગુલામ, શું જોઈને મારી મજાક કરો છો? કોઈ સેન્સ જેવું તમારી માએ તમને શીખડાવ્યું છે કે નહીં?‘

‘હં...હં...પણ તમે તો એ તો બિચારી નિર્દોષ...‘ સુમન રગરગી ઊઠી.

‘એક વાત કાન ખોલીને તુંય સાંભળી લે સુમન, આજે આપણી માત્ર સગાઈ થઈ છે નહીં કે લગ્ન. કદાચ મંગળફેરા ચાલતા હોય તોય એક, બે ને ત્રણ!! મજાક મને પસંદ નથી કે નથી આ સંબંધ. આજથી આપણે મુક્ત છીએ.‘

‘પણ..પણ..હું તો માત્ર તમારી મશ્કરી જ કરતી હતી. મારો એવો કોઈ ઈરાદો નથી. માત્ર નિર્દોષ આનંદ જીજાજી.’ કામિની ઊભી થઈ જતાં ગળગળી થતી બોલી ઊઠી.

‘નિર્દોષ આનંદને હું ન ઓળખી શકું એટલો અણસમજુ નથી કે નાનો કીકલો પણ નથી, પરંતુ તુંય તારા મગજમાં શબ્દો કોતરાવીલે કે મજાક મને જરાય પસંદ નથી. એમાં લિમિટ હોવી જોઈએ અને હવે ક્યારેય ફરીથી મારી ઉપર જોક કર્યોને તો એની અસર આ તારી બહેનના અંગત જીવન ઉપર પણ પડશે સમજી?‘ કહી ઓરડો છોડી ગયો.

વડીલો આ બાબતથી અજાણ હતા. નિર્મળાબહેને તો સુમનને કંકુપગલાંના શુકન અર્થે પ્રતાપપુર લઈ જવા માટેય વેવાઈ-વેવાણ આગળ વાત કરી દીધી હતી. એ લોકોએ તરત જ હા કરી દીધી હતી અને વળતી વખતે સુમનનેય કંકુપગલાં કરવા માટે તેડવા આવ્યાં. અલબત્ત, આનંદને આ વાત બહુ પસંદ પડી નહોતી, પણ માના પ્રેમાગ્રહ આગળ તે ઝૂકી ગયો હતો.

સુમન આવી. બેત્રણ દિવસથી રોકાઈ છે, પણ નિર્મળાબહેન અનુભવી શક્યાં કે આનંદ માત્ર બોલવા ખાતર જ સુમન સાથે બોલે છે. આનંદ, બે દિવસમાં માંડ કલાક સાંજે અને એક-બે કલાક સવારે ઘરે રહ્યો છે બાકી તો વગડામાં ફરવા જ ચાલ્યો જાય છે. નિર્મળાએ જોયું સુમનની આંખોમાં અનોખી ઉલઝન પ્રગટે છે અને આનંદની આંખોમાં ભારેલો અગ્નિ!

ત્રીજે દિવસે આનંદ બાદલગઢ જવા માટે નીકળવાની તૈયારી કરવા લાગ્યો. નિર્મળાબહેને આનંદને, સુમનને પોતાના ઘેર મુકી આવવાનું કહ્યું છતાં આનંદ ઉપર તેની જરાય અસર ન થઈ. એ તો આવજો કહીને ચાલતો થઈ ગયો.નિર્મળાબહેન મોં વકાસીને તેને જતો જોઈ રહ્યાં. માત્ર સહસા તેણે સુમનની આંખમાં જોયું તો તેની આંખોમાં નકરો ભય વ્યાપી ગયો હતો. તે તેની તરફ વળ્યા ને ‘બેટા સુમન.... કહીને તેને માથે હાથ મૂક્યો, પણ એ પહેલાં તો સુમનની આંખો આંસુથી ઝળાઝળા થઈ ગઈ હતી.

‘પ્રતાપપુર જઈને આવ્યા પછી આનંદનો ચહેરો સાવ નૂર વગરનો થઈ ગયો હતો. જિંદગીમાં કોઈ જાણે રસ જ રહ્યો ન હોય એમ હરતીફરતી લાશ જેવો બની ગયો હતો. જમવાના ટાઈમે જમતો. નિશાળે જવાના ટાઈમે તૈયાર થઈ સાવ માંદલી ચાલે જતો રહેતો, પાછો આવતો તો જાણે મણ મણનો ભાર પગમાં ન બાંધ્યો હોય એમ ભાંગેલી ચાલે આવતો અને પોટકું બનીને બેસી પડતો. અલબત્ત, આ બધી બાબતોથી રૂપા અજાણ તો ન જ હોય એ સ્વાભાવિક હતું. આનંદ આવ્યો અને ચારેક દિવસ જેવું વીતી ગયું, પણ આ દિવસમાં બન્ને જણ વચ્ચે ચાર શબ્દોની પણ આપલે થઈ નહોતી. રૂપાને લાગ્યું કે કદાચ મારી સગાઈ થઈ ગઈ છે એટલે આનંદને એનું ખોટું લાગ્યું હોય, પણ અંતે એ કરે તો શું કરે? વ્યવહારના છાબડે પોતાના કુંવારા અરમાનનો ઘડો બાદ થઈ ગયો હતો. હૈયું તો હજી ક્યાં માનવા તૈયાર છે કે પોતાનું બીજી વારનું સગપણેય થઈ ચૂક્યું છે. અને એના વરનું નામ મોહન છે. મોહન સાથેય ક્યાં નજર મળીય હતી? ચોરીછૂપીથી બૈત્રણ વાર નજર ચૂકવવાનો પ્રયાસ મોહને જરૂર કરેલો, પણ એ નજર મેળવી શકી નહોતી. જેમ આનંદ સાથે આંખોમાં આંખો નાખીને વાત કરી શકતી હતી એવો પોતાનો પુરૂષ મોહન નહોતો લાગ્યો, પણ આનંદના ચહેરા પરની અસ્વસ્થતા રૂપાનું હવે કાળજું કોરી ખાતી હતી. આજે આનંદને એણે જમવા બોલાવ્યો ને આનંદ આવ્યો. ચોકડીમાં હાથ ધોઈ જમવા બેઠો. લુસ લુસ બે કોળિયા ખાઈને ઊભો થવા ગયો કે રૂપાએ તેનો હાથ પકડીને બેસાડી દેતાં ઠપકાના સૂરે કહ્યું,

‘શા દીદાર કર્યા છે? એવું તે કયું આભ તૂટી પડયું છે કે ચાર ચાર દી ‘ થી આવ્યા તોય બોલતા નથી? મારો કાંઈ વાંક? મારો કોઈ ગુનો થયો હોય તો માફી માગું છું, પણ આમ કશું બોલ્યા વગરના માર્યા માર્યા ફરો છો તે મને ગમતું નથી જરાય, મારા સમ છે તમને.‘ કહેતાં આનંદનો હાથ પોતાના માથા ઉપર મૂકી દેતાં કહ્યું, ‘શું કરું બોલો? અબળા છું. એક સ્ત્રી છું. બોલવું‘તું તો ઘણુંય પણ આબરૂ, સમાજ, વ્યવહાર બધો આડો આવ્યો. મન તો હજી ના પાડે છે કે મત જા... મત જા પણ મનને કાંઈ કહી શકાય છે? બોલો તો..’ કહેતી એની આંખમાં ઝળહળિયાં આવી ગયાં. આનંદે એને સાહી લીધી. રૂપા, આનંદને વળગી ગઈ.

ઓસરીમાં ઢાળેલા ખાટલા ઉપર આનંદ બેઠો. આડો થયો અને રૂપા એની છાતીમાં ઢળી ગઈ. પાંચેક મિનિટ પછી એણે ચહેરો ઊંચો કર્યો. આનંદે એના આંસુ લૂછ્યાં.

‘પગલી, હવે ક્યારેય રોતી નહીં. જે સ્ત્રીને પોતાની માની હોયને એની આંખોમાં આસું આવે એ ક્યા પુરુષને ગમે? રૂપા, તું તો મારી જિંદગી છે. તું મારી ધડકન છે. તું જ મારે મન મારું સર્વસ્વ છે, પણ તું કહી શકે છે, જયારે હું કહીને પણ હળવો થઈ શકતો નથી.’

‘મને ખ્યાલ આવ્યો છે આનંદ, પણ આ જ તો જિંદગી છે. પંખીની જાત જેવી.! આજે અહીં તો કાલે ક્યાંક બીજે! પંખીના મેળામાં મેળો બનીને મહાલવાનું અને અંતે છૂટા પડી જવાનું.’

‘ રૂપા,હું તને..’

‘‘તમારીય સગાઈ થઈ ચૂકી છે. એમ જને? એ પણ તમારા ઉપર બળજબરી વાપરીને થઈ છે. તમને પસંદ નથી. એમ જને?’’

‘હા, એમ જ. પણ તને...’

‘તમે હમણાં જ કહ્યુંને કે જેને પોતાના માનતા હોઈએ ભલે એ હોઠમાંથી હરફ પણ ન કાઢે પણ એનાં પગલાં પામીને સ્ત્રી બધી જ વાતનો તાળો મેળવી લે છે.’

‘પણ સુમન..’

‘જુઓ, આપણે એક એવા ઉંબરાની ધાર ઉપર ઊભા છીએ જયાંથી હું બહાર આવી શકું એમ નથી. તમે અંદર આવી શકો એમ નથી. આ બધી ઈશ્વરની અકળ લીલા છે. તમે પુરુષ છો, હું તો સ્ત્રી છું, મારી વેદનાને સમજી શકશો. લગ્ન કરીને એ ઘરે જવાનું, માત્ર પારકાને પોતાના કરવા એટલી જ વાત નથી. તમને તરછોડીને મારે પારકા પુરુષને મન તો આપવાનું જ છે, સાથે તન પણ આપવાનું છે. મારું દરદ તમે સમજી શકો છો? જેની સાથે ફૂલશૈયા પર રાતભર જાગવાના અભરખા સેવ્યા હોય એના બદલે કોઈ અન્ય પુરૂષ સાથે? ??!મારા કુંવારા અરમાનની ગૂંથેલી માળાનાં ફૂલોને મારે પોતાના હાથે જ તોડી નાખવાના? કહેતી એ રડી પડી.આનંદે એને સ્પર્શવા હાથ લંબાવ્યો પણ એ કોઈ અકળ કારણસર સ્પર્શી ન શક્યો. રૂપાની આંખનાં આસુએ એ દ્રવી ઊઠ્યો અને મેડે ચડી ગયો.(ક્રમશઃ) ■



# ‘‘ખરે જ ભાભી..., તમે તો જબરા છો

## રાખનાં રમકડાં

ધારાવાહી નવલકથા

અમૃત પરમાર

‘‘ભાભી....! મારૂં મગજ સાવ અસ્થિર થઈ ગયું હોય તેવું મને લાગે છે. મારા બધા જ વિચારો સાવ બુઠ્ઠા થઈ ગયા છે. મને કંઈક થઈ જશે તો...?’’ મહેશ માંડ માંડ આટલું જ બોલ્યો. છતાં પણ આટલું બોલ્યો તો પણ શાંતુને ખૂબ જ સારૂં લાગ્યું, તેને હાશ... થઈ એટલે મહેશના પ્રશ્નો જવાબ આપણાં શાંતુ બોલી :

‘‘ તારૂં મગજ સાવ અસ્થિર નથી થયું એની મને ખબર છે. બસ હવે તને અત્યારે તારા ભવિષ્યની ચિંતા કોરી ખાય છે. ચાલ..., ભવિષ્ય વિશે વિચારવાનું તું અત્યરથી જ બંધ કરી દે, જે મોજ પૈસા ખરચવાથી પણ નથી મળતી તે મોજ તને મફતમાં મળી છે. સાચું કહું છું... હજી પણ તારે મોજ કરવી હોય તો કરી લેજો, હું ના નહીં પાડુ... બસ ! પરંતુ તું ભવિષ્યની ચિંતા છોડી ઈષ્ટદેવ પર આસ્થા રાખ. એ જે કંઈ કહેશે તે બધું સારા માટે જ કરશે. બસ... તું આટલું કરીશ એટલે તરત જ પહેલાનો મહેશ થઈ જઈશ... અને બીજી વાત : તને કે તારા શરીરનાં કોઈપણ અવયવને કંઈ જ નુકશાન નહીં થાય, એ જેવા હશે પાછાં તેવા જ જઈ રહેશ. તારા માટે આ નવું હતું એટલે એની ચિંતા નહીં કરવાની, હું તને ખાતરી આપુ છું. પહેલાં પણ મેં તને આ વાત કરી હતી તે યાદ કર તારા શરીરમાં ઉત્પન્ન કિંમતી સ્પર્મ સાવ ખાલી નહીં થાય, અમુક કલાકો પછી તેટલા જ નવા ઉત્પન્ન થઈ જશે. આ બધું કુદરતે ગોઠવી રાખ્યું છે માટે આવી બધી ચિંતા જરાપણ કરવાની નથી.’’ આટલું બોલતાંની સાથે શાંતુ ગળગળી થઈ ગઈ સાચે જ તેની આંખોમાંથી આંસુ પડવા લાગ્યાં, મહેશે ખરતાં આંસુ નજરે જોયાં એ સાથે જ તે બોલ્યો :

‘‘હવે આવું બધું... આટલું બધું થઈ ગયા પછી આમ આ રીતે રડવું સારૂં ન લાગે ભાભી...! તમે જે કહ્યું તે બધું જ હું સાચું માનું છું. તમારૂં દુઃખ, તમારી વ્યથા હું સારી રીતે સમજી ચૂકયો છું બધું જ બધું હું ભૂલી જવા તૈયાર છું... અને ભૂલવા કોશિશ કરીશ... પ્રયત્ન કરીશ પરંતુ તમને રડતાં જોઈ મને કંઈનું કંઈ થાય છે. સદા હસતાં જ રહેતાં મારા ભાભી મારા લીધે રડે એવું હું જરાપણ ઈચ્છતો નથી. પરંતુ મને ડર લાગ્યા કરે છે કે.. હું હજી પણ કંઈક અધુરો છું. બસ આ ડર મને સતત સતાવે છે.’’

‘‘તું અધૂરો નથી, તારામાં અધૂરપ છે જ નહીં, અને જો કઈ અધૂરૂં હશે તો એ તારી અધૂરપ હું પૂરી કરીશ તને હું મારામાં સમાવી લઈશ, બસ ? મારા પર વિશ્વાસ રાખજે, આ તારી ભાભી ફક્ત ને ફક્ત માત્ર તારી જ છે. તું એક પૂર્ણ પુરૂષ છે... એવા પૂર્ણ પુરૂષને હું મનભરીને ચાહુ છું. માટે આવી ચિંતા તું ન કર, હા, હું સાવ હલકટ તો નથી જ, ચાલુ એવી બજારૂ ઓરત પણ નથી હા, મારે જે સુખ જોઈતું હતું તે તારી પાસેથી આખી રાતભર મેળવી લીધું છે. મને ખૂબ જ સંતોષ પણ થયો છે, હું તૃપ્ત થઈ છું, આમ તો દિયર - ભાભીનો સંબંધ નિર્દોષ કહેવાય છે. પણ તારો ને મારો સંબંધ તો જાણે ઋણાનુબંધ હોય શકે, જો આવું બધું વિચારવા લાગ્યે તો... દુઃખ ઉદ્દભવે બસ..., બધું ભૂલી જઈ ફક્ત મોજમાં રહેવું એજ મારા અને તારા માટે ઉત્તમ છે...’’ શાંતુએ મક્કમતાથી વાત પૂરી કરી.

‘‘ખરે જ ભાભી..., તમે તો જબરા છો. કેટલી બધી સમજણ તમારામાં ભરી પડી છે. આ ગામમાં મારૂં ધ્યાન રાખવાવાળા એક માત્ર તમેજ છો. હવે મને લાગે છે કે હું ઝડપથી સ્વસ્થ થઈ જઈશ...’’ મહેશે આવી વાત કરી.

‘‘તારા બોલેલા શબ્દો સાચા જ પડે એવી હું નમી નમીને ભગવાન પાસે પ્રાર્થના કરૂ છું. બોલ, હવે તો મારા હાથે બનાવેલી થોડી ચા તો પીઈશને...? શાંતુએ રડતા રડતાં કે પછી ખુશીનાં આંસુ લૂંછી, રોતલ એવું સ્મિત કરતાં.... મહેશ સામે એકધારૂ જોતાં પૂછયું.

‘‘થોડી પીઈશ...’’ મહેશે કહ્યું એ સાથે શાંતુ ઉભી થઈ અને રસોડા તરફ ચાલી મહેશ એકલો થયો. તેના વિચારો આવવા લાગ્યા :

ભાભીનું હૃદય આમ તો સાવ કોમળ છે. નિસ્વાર્થ ભાવે તે મને અનન્ય ભાવ સાથે સાચવે છે. પરંતુ આ દુનિયામાં કોઈ ઘર એવું નહીં હોય કે ઘરના તમામ સભ્યો પૂર્ણ પણે સુખી હોય. માત્ર દેખાતા પૂરતા બહારથી બધાંજ ખુશ ખુશ દેખાય છે.પરણ્યા પછી વિવાહિતા બબ્બે - ત્રણ ત્રણ વર્ષ સુધી સાચા શરીર સુખથી વંચિત રહે તો..., કયારેક તો તેને પણ શરીર સુખ મેળવવા કે ભોગવવા માટે ઈચ્છા તો થાય જ ને...? એવી જ કોઈ તીવ્ર ઈચ્છા થવાથી ભાભીએ મને ભોગવ્યો... મારા શરીરને મનભરીને માણ્યું. તેમાં પણ તેનો એટલો બધો દોષ હતો ? મારી પણ ઈચ્છા ભાભીને પામવાની તો હતી જ ! આમ તો હું પોતે જ સાવ મૂઢ બન્યો.

(ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# કેરળના તિરુવલ્લામાં પીએમ નરેન્દ્ર મોદીએ એલડીએફ-યુડીએફ પર કર્યા આકરા પ્રહાર

તિરુવલ્લા, તા.૦૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એ કેરળ વિધાનસભા ચૂંટણી દરમિયાન તિરુવલ્લામાં યોજાયેલી વિશાળ જાહેર રેલીમાં એલડીએફ અને યુડીએફ સરકારો પર આકરા પ્રહાર કર્યા. તેમણે આરોપ લગાવ્યો કે બંને પક્ષોએ વર્ષોથી રાજ્યની અવગણના કરી છે અને લોકોની મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવામાં નિષ્ફળ રહ્યા છે.

મોદીએ જણાવ્યું કે ૯ એપ્રિલે મતદાન અને ૪ મેના પરિણામ સાથે દાયકાઓના કુશાસનનો અંત આવશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ વખતે રાજ્યમાં પ્રથમવાર ભાજપ-એનડીએ સરકાર સત્તામાં આવશે. તેમણે કહ્યું કે રેલીમાં ઉમટેલી ભીડ રાજ્યમાં પરિવર્તનની લહેર દર્શાવે છે.



વડાપ્રધાને રાજ્યના ખરાબ રસ્તાઓ, અધૂરા પુલો અને નબળી આરોગ્ય સેવાઓનો ઉલ્લેખ કરીને વર્તમાન સરકારને જવાબદાર ઠેરવી. તેમણે જણાવ્યું કે સબરીમાલા રેલ્વે પ્રોજેક્ટ રાજ્યના વિકાસ માટે મહત્વપૂર્ણ છે, પરંતુ સરકારના વલણને કારણે તે અટક્યો છે. ડબલ એન્જિન સરકાર બનતાં તમામ અવરોધો દૂર કરવાની ખાતરી આપી. મોદીએ મહિલાઓના સમર્થનને મહત્વપૂર્ણ ગણાવી અને ઉમેદવાર અનુપને સમર્પિત નેતા ગણાવી જનતાને સમર્થન આપવા અપીલ કરી. તેમણે કહ્યું કે કેરળ હવે વિકાસની નવી દિશામાં આગળ વધવા તૈયાર છે.

# દેશની ઓઈલ કંપનીઓએ ઔધોગિક ડીઝલના ભાવમાં પ્રતિ લીટરે રૂ. ૨૮ રૂપિયાનો વધારો ઝીંકયો

નવી દિલ્હી,તા.૦૪

અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના યુધ્ધના કારણે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ ૧૦૦ ડોલરથી ઉપર પહોંચી ગયા છે. આ વૈશ્વિક કટોકટીની સીધી અસર ભારતમાં પણ જોવા મળી રહી છે. દેશની અગ્રણી સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ જેવી કે ઈન્ડિયન ઓઈલ, હિન્દુસ્તાન પેટ્રોલિયમ અને ભારત પેટ્રોલિયમે ૧લી



એપ્રિલથી ઔધોગિક ડીઝલના ભાવમાં પ્રતિ લીટર ૨૮ રૂપિયાનો તોતિંગ વધારો ઝીંક્યો છે. આ અગાઉ ૨૦ માર્ચે પણ ૨૨ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. આ ભાવ વધારા પછી ઔધોગિક ડીઝલની કિંમત પ્રતિ લીટર રૂ. ૧૦૯.૫૯થી વધીને રૂ. ૧૩૭.૮૧ પર પહોંચી ગઈ છે. તેલ કંપનીઓએ રિટેલ ગ્રાહકોને મોટી રાહત આપતા સામાન્ય પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર રાખ્યા છે. પરિણામે દિલ્હીમાં પેટ્રોલ રૂ. ૯૪.૭૭ અને ડીઝલ રૂ. ૮૭.૬૭ પ્રતિ લીટરના જૂના દરે જ મળી રહ્યું છે. જોકે આ રાહતના બદલામાં ઓઈલ કંપનીઓએ પેટ્રોલ પર પ્રતિ લીટર રૂ. ૨૪ અને ડીઝલ પર અધધ રૂ. ૧૦૪નું મોટું નુકસાન સહન કરવું પડી રહ્યું છે.

# પ્રતિબંધ હોવા છતાં સરકારી કચેરીઓમાં ચાઈનીઝ કેમેરાને લઈ રાહુલ ગાંધીના સવાલો

નવી દિલ્હી, તા.૦૪

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સરકારી ઈમારતોમાં ચાઈનીઝ સીસીટીવી કેમેરાના ઉપયોગને લઈને કેન્દ્ર સરકાર પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમણે જણાવ્યું કે સામાન્ય નાગરિકો માટે ચાઈનીઝ કેમેરા પર પ્રતિબંધ હોવા છતાં, સરકારી સ્થળોએ તેનો ઉપયોગ ચાલુ છે, જે રાષ્ટ્રીય સુરક્ષા માટે ચિંતાજનક છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે સંસદમાં ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલયને પૂછેલા પ્રશ્નોના સ્પષ્ટ જવાબ મળ્યા નથી. તેમણે પૂછ્યું કે કેટલા કેમેરા સુરક્ષા પ્રમાણિત છે અને કયા વિદેશી એઆઈ પ્લેટફોર્મ સરકારી ડેટા પર પ્રક્રિયા કરે છે.

દિલ્હીમાં અડધાથી વધુ સીસીટીવી નેટવર્કમાં ચાઈનીઝ બનાવટના કેમેરા હોવાનું સામે આવ્યું છે. આ મામલે સરકાર દ્વારા તબક્કાવાર બદલાવ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. રાહુલ ગાંધીએ આ મુદ્દે પારદર્શિતા રાખવાની માંગણી કરી અને નાગરિકોની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી.

# ધોરાજીમાં હજરત લાલ શાહ વલીના ઉર્ષ નિમિત્તે ભવ્ય ન્યાઝનું આયોજન: હજારો શ્રધ્ધાળુઓએ લીધો લાભ

ધોરાજી, તા.૦૪

ધોરાજી શહેરમાં હજરત લાલ શાહ વલીના પવિત્ર ઉર્ષ નિમિત્તે ટાવર ચોક મજૂર કમિટી દ્વારા ભવ્ય ન્યાઝ (પ્રસાદ)નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરબારી વાળા પાસે આવેલ હઝરત કુતુબ શાહ બાપુની દરગાહ ગ્રાઉન્ડ ખાતે સંપન્ન થયો હતો. આ પવિત્ર અવસરે ધોરાજી શહેર સહિત આસપાસના વિસ્તારોમાંથી



મોટી સંખ્યામાં ભક્તો અને શ્રધ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. આયોજન દરમિયાન હજારો લોકોએ ન્યાઝનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો અને ધાર્મિક ભાવના સાથે દરગાહ પર હાજરી આપી આશીર્વાદ મેળવ્યા હતા. ટાવર ચોક મજૂર કમિટી દ્વારા છેલ્લા અંદાજે ૩૦ વર્ષથી આ ભવ્ય આયોજન સતત કરવામાં આવી રહ્યું છે, જે ધોરાજીમાં સામાજિક અને ધાર્મિક એકતાનું પ્રતિક બની ગયું છે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિભાવ, એકતા અને સૌહાર્દનું અનોખું દ્રશ્ય જોવા મળ્યું હતું. શહેરના આગેવાનો અને સમાજના વિવિધ વર્ગોના લોકો દ્વારા આ પરંપરાગત આયોજનની મુક્ત કંઠે પ્રશંસા કરવામાં આવી હતી.

# વૈશ્વિક દ્રષ્ટિકોણ અપનાવો, આત્મનિર્ભર ભારત તરફ આગળ વધો: એસ. જયશંકર

રાયપુર, તા. ૦૪

એસ. જયશંકરએ નયા રાયપુર ખાતે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ રાયપુરના ૧૫મા દીક્ષાંત સમારોહમાં વિદ્યાર્થીઓને સંબોધતા વૈશ્વિક માનસિકતા અપનાવવા અને ભારતને આત્મનિર્ભર બનાવવાની અપીલ કરી. તેમણે જણાવ્યું કે આજના સમયમાં વિશ્વમાં થતી ઘટનાઓનો સીધો પ્રભાવ વ્યક્તિના જીવન અને કારકિર્દી પર પડે છે, તેથી વિદ્યાર્થીઓએ માત્ર પોતાના ક્ષેત્રમાં નહીં પરંતુ વૈશ્વિક રાજકીય અને આર્થિક પરિવર્તનોને પણ સમજવા જોઈએ. જયશંકરે ભારતની મજબૂત આર્થિક પ્રગતિ અને વૈશ્વિક હાજરીનો ઉલ્લેખ કરીને કહ્યું કે મુશ્કેલ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિઓ વચ્ચે પણ દેશે સ્થિરતા જાળવી રાખી છે. તેમણે માળખાગત સુવિધાઓ, ડિજિટલ વિકાસ અને રોજગાર તકોમાં થયેલા વધારો પણ નોંધાવ્યો. અંતે, તેમણે યુવાનોને સખત મહેનત, નેતૃત્વ અને વૈશ્વિક દ્રષ્ટિકોણ સાથે આગળ વધવા પ્રેરિત કર્યા.

# ધોરાજીના ખોડિયાર અને કૈલાશ નગરમાં ૧૫ દિવસથી પાણીનો પોકાર

ધોરાજી, તા.૦૪

ધોરાજીના હિરપરા વાડી વિસ્તારમાં આવેલ ખોડિયાર નગર અને કૈલાશ નગરના રહીશો છતે પાણીએ તરસ્યા જોવા મળી રહ્યા છે. ધોરાજીને પાણી પૂરું પાડતા ફોફળ ડેમમાં પુષ્કળ પ્રમાણમાં પાણીનો જથ્થો ઉપલબ્ધ હોવા છતાં, નગરપાલિકા તંત્ર દ્વારા યોગ્ય આયોજનના અભાવે જનતાને



હાલાકી ભોગવવી પડી રહી છે. સામાન્ય રીતે શહેરમાં ક્યાંક ચાર દિવસે તો ક્યાંક છ દિવસે પાણીનું વિતરણ કરવામાં આવે છે, પરંતુ વોર્ડ નંબર ૯ ના આ વિસ્તારોમાં છેલ્લા ૧૫ દિવસથી પીવાનું પાણી મળ્યું નથી, જેને કારણે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પાણીની આ વિકટ સમસ્યા પાછળ મુખ્ય કારણ પાઈપલાઈનમાં સર્જાયેલો કોઈ ફોલ્ટ હોવાનું જણાવાયું છે. નગરપાલિકા તંત્ર દ્વારા આ ફોલ્ટ શોધવા માટે ઠેર-ઠેર ખાડાઓ તો ખોદવામાં આવ્યા છે, પરંતુ હજુ સુધી સમસ્યાનો કોઈ કાયમી નિકાલ કરી શકાયો નથી. આવી કાળઝાળ ગરમી વચ્ચે લોકોને પીવાના પાણી માટે વલખાં મારવા પડે છે અને બહારથી મોંઘા ભાવે પાણી વેચાતું લેવાની નોબત આવી છે. તંત્રની આ નિષ્ફળતાને કારણે રહીશોમાં ભારે નારાજગી ફેલાઈ છે.

# સુરતમાં સાયબર ફ્રોડનો ભંડાફોડ: દુબઈ કનેક્શન સાથે મ્યુલ એકાઉન્ટ ગેંગ પકડાઈ

સુરત, તા. ૦૪

શહેરની સાયબર ક્રાઈમ સેલે મોટી કાર્યવાહી કરીને આંતરરાષ્ટ્રીય મ્યુલ એકાઉન્ટ ગેંગનો પર્દાફાશ કર્યો છે. ડીસીપી બિરાખા જૈનના નેતૃત્વમાં ટીમે માત્ર એક બાતમીના આધારે રેડ પાડી ત્રણ શખ્સોની ધરપકડ કરી છે અને કુલ ૧૮.૮૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસ મુજબ, આરોપીઓ બેંક



એકાઉન્ટોને "મ્યુલ એકાઉન્ટ" તરીકે ઉપયોગ કરી દેશભરમાં કરોડો રૂપિયાની સાયબર ઠગાઈને અંજામ આપતા હતા. રેડ દરમિયાન ૧૬ ડેબિટ કાર્ડ, ૪૦ સિમકાર્ડ, ૯ મોબાઈલ ફોન, ૨૪ પાસબુક, ૯ ચેકબુક, રોકડ રકમ અને સ્કૂટર સહિતનો જથ્થો મળી આવ્યો હતો. તપાસમાં ખુલ્યું કે આરોપીઓ સામાન્ય લોકોને કમિશનની લાલચ આપી તેમના નામે એકાઉન્ટ ખોલાવતા અને ત્યારબાદ તે એકાઉન્ટનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય ગેંગ સુધી પહોંચાડતા. ખાસ કરીને દુબઈ સાથે જોડાયેલા નેટવર્ક મારફતે ફ્રોડની રકમ ટ્રાન્સફર કરીને એટીએમથી ઉપાડવામાં આવતી હતી.

# સોમનાથ-ભાવનગર નેશનલ હાઈ વે પર સ્ટંટ કરનાર યુવકને પોલીસે ઝડપી પાડ્યો

ઉના,તા.૦૪

સોમનાથ-ભાવનગર નેશનલ હાઈવે પર જોખમી બાઈક સ્ટંટનો એક કિસ્સો સામે આવ્યો છે. વેરાવળના કાજલી યાર્ડ નજીક એક યુવકે બાઈક પર જીવલેણ સ્ટંટ કર્યો હતો, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. મીડિયા અહેવાલ બાદ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી સ્ટંટ કરનાર યુવકને



ઝડપી પાડ્યો છે.વાયરલ થયેલા ઈન્સ્ટાગ્રામ વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે યુવક યામાહા બાઈક પર દોડતી વખતે સ્ટીયરિંગ પરથી બંને હાથ છોડી દે છે અને બાઈક પર ઊભો રહી સ્ટંટ કરે છે.

# યુએઈની લોન પરત કરવાની માંગથી પાકિસ્તાન પર આર્થિક સંકટ ઘેરાયું


નવી દિલ્હી, તા.૦૪

પહેલેથી જ આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહેલા પાકીસ્તાન માટે વધુ એક ઝટકો સામે આવ્યો છે. યુએઈએ પાકિસ્તાનને આપવામાં આવેલી ૨ બિલિયન ડોલરની લોન તાત્કાલિક પરત કરવાની માંગ કરી છે, જેના કારણે દેશની નાણાકીય સ્થિતિ વધુ નાજુક બની શકે છે. આ રકમ સ્ટેટ બેંક ઓફ પાકિસ્તાનમાં ડિપોઝિટ તરીકે રાખવામાં આવી હતી અને અત્યાર સુધી તેની મુદત લંબાવવામાં આવતી હતી. જોકે, ગલ્ફ વિસ્તારમાં વધતા તણાવ વચ્ચે હવે યુએઈએ લોન લંબાવવાનો ઈનકાર કર્યો છે. હાલમાં પાકિસ્તાન પાસે લગભગ ૨૧ બિલિયન ડોલરનો વિદેશી ભંડાર છે, પરંતુ આટલી મોટી રકમ ચૂકવવાથી અર્થતંત્ર પર દબાણ વધશે. નિષ્ણાતો માને છે કે હવે પાકિસ્તાનને નવી વિદેશી સહાય અથવા આઈએનએફ તરફ વળવું પડી શકે છે.

# અમદાવાદમાં આઈપીએલ સટ્ટાકાંડનો ભંડાફોડ: મેમનગરમાંથી ૬ બુકીઓ ઝડપાયા

અમદાવાદ, તા.૦૪

શહેરના મેમનગર વિસ્તારમાં આઈપીએલ ૨૦૨૬ દરમિયાન ચાલી રહેલા સટ્ટાકાંડનો ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો છે. બાતમીના આધારે આનંદ પાર્ક એપાર્ટમેન્ટમાં દરોડો પાડી ૬ શખ્સોને રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા. પોલીસે દરોડા દરમિયાન ૧૬ મોબાઈલ ફોન, રૂ. ૫૦,૧૧૦ રોકડ અને અન્ય સાધનો મળી કુલ રૂ. ૩.૧૦ લાખનો મુદામાલ જપ્ત કર્યો. આરોપીઓ ઓનલાઈન



બેટિંગ પ્લેટફોર્મ દ્વારા મેચ પર જુગાર રમાડતા હતા. તપાસમાં સાયન્સ સિટી અને પાટણ સાથે જોડાયેલા મોટા માથાઓની સંડોવણી બહાર આવી છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ઉનાની પ્રતિષ્ઠિત એ.આર.ભટ્ટ કોલેજમાં વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

**વિદાય લેતા વિદ્યાર્થીઓએ પણ કોલેજના સંસ્મરણો વાગોળી સંસ્થાનો આભાર માન્યો**

ઉના,તા.૦૪

ઉનાની પ્રતિષ્ઠિત એ. આર.ભટ્ટ કોલેજ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૬ની બેચના વિદ્યાર્થીઓ માટે એક ભાવસભર વિદાય સમારંભ યોજાયો હતો. આ ગરિમાપૂર્ણ પ્રસંગે મુખ્ય અતિથિ



તસવીર : કૈલાશ ભટ્ટ


તરીકે ઉપસ્થિત રહેલા ઉનાના સુપ્રસિધ્ધ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને 'ડી.એસ.સી. પબ્લિક સ્કૂલ'ના સંચાલક ભવ્યભાઈ પોપટે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં ઝળકેલા કોલેજના તેજસ્વી સુવર્ણ ચંદ્રક વિજેતા વિદ્યાર્થીઓનું વિશેષ બહુમાન કર્યું હતું. તેમણે પોતાના પ્રેરણાદાયી વક્તવ્યમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું કે જીવનમાં સફળતા મેળવવા માટે નિષ્ઠા, એકાગ્રતા અને સમર્પણ અત્યંત અનિવાર્ય છે.

વિદાય લેતા વિદ્યાર્થીઓએ પણ કોલેજના સંસ્મરણો વાગોળી સંસ્થાનો આભાર માન્યો હતો અને અંતે સ્ટાફગણે સૌને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી.

# વેરાવળમાં સગીરા સાથે દુષ્કર્મ આચરનાર યુવકની ધરપકડ

વેરાવળ,તા.૦૪

વેરાવળમાં સગીર વયની દીકરી પર દુષ્કર્મની અત્યંત ગંભીર ઘટના સામે આવતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. આરોપીએ મહેંદી શીખવા જતી સગીરાને પોતાની પ્રેમજાળમાં ફસાવી તેની મજબૂરી અને એકલતાનો ઘોર દુરુપયોગ કર્યો હતો. આ સમગ્ર મામલાની પ્રાપ્ત વિગતો અનુસાર ભોગ બનનાર સગીરા ઓનલાઈન મહેંદી ક્લાસ



શોધતી હતી. આ દરમિયાન ઈન્સ્ટાગ્રામ પર તેની મુલાકાત વેરાવળમાં જ રહેતી અને મહેંદી શીખવતી અન્ય એક સગીરા સાથે થઈ હતી. પીડિતા ત્યાં મહેંદી શીખવા જતી હતી ત્યારે મહેંદી શીખવનાર સગીરાના ૧૯ વર્ષીય ભાઈ મહમદ સીરાજ ઈમરાનભાઈ ચૌહાણે પીડિતા સાથે ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા કેળવી વાતચીત શરૂ કરી હતી. આશરે ૧૫ દિવસ પૂર્વે જ્યારે પીડિતા હંમેશ મુજબ મહેંદી શીખવા માટે આરોપીના ઘરે ગઈ હતી ત્યારે આરોપી મહમદ સીરાજે રૂમમાં એકલતાનો ગેરલાભ લીધો હતો. તેણે સગીરાને વાતોમાં ફસાવી તેની સાથે બળજબરી કરી કુકર્મ આચર્યું હતું. પરિવારે સગીરાના મોબાઈલમાં ફોટો જોતાં સમગ્ર ભાંડો ફૂટ્યો હતો અને વેરાવળ પોલીસે આરોપીને ગણતરીના કલાકોમાં ઝડપી લીધો છે.

# ભાજપમાં ટિકિટ વિતરણ પૂર્વે શિસ્તનો કડક આદેશ: બળવાખોરો સામે કડક કાર્યવાહી થશે

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૪



સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નજીક આવતા જ ભાજપ સંગઠન એક્શન મોડમાં આવી ગયું છે. પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ સ્પષ્ટ સંકેત આપ્યા છે કે ટિકિટ માટે દબાણ કે જૂથબંધી કરનાર કોઈપણ નેતા કે કાર્યકર્તાને સાંખી લેવામાં આવશે નહીં. કમલમથી છૂટેલા નવા આદેશ મુજબ, શિસ્ત સમિતિના કન્વીનર રજનીકાંત પટેલ અને અન્ય વરિષ્ઠ નેતાઓ તમામ બેઠકો પર ચાંપતી નજર રાખશે. જો કોઈ સિનિયર નેતા પણ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કે 'ધમપછાડા' કરશે, તો તેને તાત્કાલિક કારણદર્શક નોટિસ ફટકારી પક્ષમાંથી નિષ્કાસિત કરવામાં આવશે.

સૌરાષ્ટ્રમાં જૂથવાદ, ઉત્તર ગુજરાતમાં સામાજિક સમીકરણો અને દક્ષિણ ગુજરાતમાં ખેંચતાણને ધ્યાને રાખીને ભાજપે 'પાણી પહેલા પાળ' બાંધી દીધી છે. સેન્સ પ્રક્રિયા બાદ નિરીક્ષકો અને પ્રભારી મંત્રીઓની હાજરીમાં ત્રણ-ત્રણ નામોની પેનલ તૈયાર કરી પ્રદેશ ચૂંટણી સમિતિને મોકલવામાં આવશે. ખાસ કરીને, વ્યક્તિગત રાગદ્વેષ રાખીને કરવામાં આવતી નનામી અરજીઓ કે સીડી-પેનડ્રાઈવ જેવા નુસખાઓને સીધા કચરાપેટીમાં નાખવાની ચીમકી આપવામાં આવી છે, જે પક્ષમાં આંતરિક શિસ્ત જાળવવાનો મક્કમ નિર્ધાર દર્શાવે છે.

# રાજયમાં હિટ એન્ડ રનના વધતા કેસ: પાંચ વર્ષમાં ૯,૫૯૭ ઘટનાઓ સામે આવી

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૪



ગુજરાતમાં બેફામ વાહન હંકારી અકસ્માત સર્જ્યા બાદ નાસી છૂટવાની 'હિટ એન્ડ રન'ની ઘટનાઓમાં ચિંતાજનક વધારો થયો છે. વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૪ના પાંચ વર્ષના ગાળામાં રાજ્યમાં કુલ ૯,૫૯૭ અકસ્માતો નોંધાયા છે. લોકસભામાં માર્ગ પરિવહન મંત્રાલય દ્વારા અપાયેલી માહિતી મુજબ, દેશના ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં હિટ એન્ડ રનના મામલે ગુજરાત ૧૧માં સ્થાને છે. આ આંકડાઓ દર્શાવે છે કે રાજ્યમાં દર વર્ષે સરેરાશ પોણા બે હજારથી વધુ આવા કેસ બને છે.

ગૃહ વિભાગ અને રોડ સેફ્ટી ઓથોરિટીના અકસ્માત નિયંત્રણના દાવાઓ છતાં રોડ ડિઝાઈન અને ટ્રાફિક નિયમોના અભાવે નિર્દોષ લોકો જીવ ગુમાવી રહ્યા છે. હિટ એન્ડ રનના કિસ્સામાં મૃત્યુ પામનારને ૨ લાખ અને ગંભીર ઈજાગ્રસ્તોને ૫૦ હજાર રૂપિયાના વળતરની જોગવાઈ છે. જોકે, આશ્ચર્યજનક વાત એ છે કે નોંધાયેલા ગુનાઓની સરખામણીએ વળતર માટેના દાવાઓ ખૂબ ઓછા થાય છે. વર્ષ ૨૦૨૫-૨૬માં અત્યાર સુધી ૮૧૯ દાવાઓ સામે માત્ર ૭૨૦ કિસ્સામાં જ વળતર ચૂકવવામાં આવ્યું છે.


# રાજકોટમાં ૧૩ વર્ષની કિશોરીએ કરી રૂ.૧૧ લાખના દાગીનાની ચોરી

રાજકોટ,તા.૪

રાજકોટના કોઠારીયા વિસ્તારમાં એક ચોંકાવનારી અને હૃદયસ્પર્શી ઘટના સામે આવી છે, જેમાં માત્ર ૧૩ વર્ષની એક કિશોરીએ પડોશના ઘરમાંથી આશરે ૧૧ લાખ રૂપિયાની કિંમતના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. આ ઘટનાની ફરિયાદ મળતા જ રાજકોટ પોલીસ હરકતમાં આવી હતી અને ટેકનિકલ તથા સ્થાનિક તપાસ દરમિયાન શંકાની સોય કિશોરી તરફ વળી હતી. કિશોરીની નાજુક ઉંમરને ધ્યાનમાં રાખીને પોલીસે કોઈ પણ પ્રકારની કડકાઈ વાપરવાને બદલે અત્યંત સંવેદનશીલ અભિગમ અપનાવ્યો હતો. પોલીસે કિશોરીના વાલીઓને બોલાવીને પ્રેમપૂર્વક સમજાવટ કરી પૂછપરછ હાથ ધરી હતી. પોલીસની આ માનવીય કાર્યપધ્ધતિને કારણે વાલીઓએ ચોરીનો સ્વીકાર કર્યો અને તમામ ૧૧ લાખના દાગીના સુરક્ષિત રીતે પોલીસને સુપરત કર્યા હતા. પોલીસે આ દાગીના તેના અસલી માલિકને પરત સોંપી દીધા છે.

# રાજયમાં સુર્યનારાયણ આકરા બનશે, તાપમાનનો પારો ૩૮ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૪



ગુજરાતમાં હવે ધીરે ધીરે ઉનાળો આકરો બની રહ્યો છે અને રાજ્યમાં ગરમીનું જોર વધવાની પૂરેપૂરી શક્યતા છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી દિવસોમાં તાપમાનમાં ૧ થી ૨ ડિગ્રીનો વધારો થઈ શકે છે, જેના કારણે મધ્ય અને ઉત્તર ગુજરાતના શહેરોમાં પારો ૩૭ થી ૩૮ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. છેલ્લા ૨૪ કલાકના આંકડા જોઈએ તો વડોદરા અને ભાવનગર ૩૫.૬ ડિગ્રી સાથે રાજ્યના સૌથી ગરમ શહેરો રહ્યા છે, જ્યારે અમદાવાદ અને ગાંધીનગરમાં પણ તાપમાન ઊંચું નોંધાયું છે. પવનની દિશા બદલાવાને કારણે અને હવામાં ભેજનું પ્રમાણ ઘટતા ગરમીમાં વધારો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને બપોરે ૧૨ થી ૪ વાગ્યાના સમયગાળા દરમિયાન સૂર્યનો તાપ વધુ રહેવાની શક્યતા હોવાથી નાગરિકોને બિનજરૂરી બહાર ન નીકળવા અને પુષ્કળ પ્રમાણમાં પાણી પીવાની સલાહ આપવામાં આવી છે. આગામી દિવસોમાં હીટવેવ જેવી સ્થિતિ સર્જાય તેવી સંભાવનાઓને જોતા આરોગ્ય વિભાગ પણ સતર્ક બન્યું છે.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ આજથી ભાજપની ત્રણ દિવસીય મહત્વપૂર્ણ બેઠકોનો દોર શરૂ

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૪

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની આગામી ચૂંટણીઓને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. સત્તાધારી પક્ષ ભાજપે ચૂંટણી પ્રચાર અને રણનીતિને આખરી ઓપ આપવા માટે કમર કસી છે. આવતીકાલથી મુખ્યમંત્રી નિવાસસ્થાને ત્રણ દિવસીય (૫ થી ૭ એપ્રિલ) ચૂંટણી સમિતિની બેઠક યોજાવાની છે. આ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ અને હર્ષ સંઘવી સહિતના વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત રહેશે. બેઠકનો મુખ્ય એજન્ડા ઉમેદવારોની પસંદગી અને ઝોન વાઈઝ ચૂંટણી વ્યૂહરચના ઘડવાનો છે. ચૂંટણી સમિતિની બેઠક પૂર્વે ઝોન સંકલન સમિતિ દ્વારા મળેલા પ્રતિસાદોનું મૂલ્યાંકન કરવામાં આવશે. ખાસ કરીને સ્થાનિક સમીકરણો અને જ્ઞાતિગત પરિબળોને ધ્યાને રાખીને પેનલ તૈયાર કરવામાં આવશે. આ બેઠક બાદ ટૂંક સમયમાં જ સત્તાવાર ઉમેદવારોની જાહેરાત થવાની શક્યતા છે. ભાજપ માટે આ બેઠકો અત્યંત નિર્ણાયક છે.

# ગઢડામાં પશુને માર મારવાની નજીવી બાબતે બે જૂથો વચ્ચે અથડામણ: ૧૧ સામે ગુનો દાખલ

ભાવનગર,તા.૪



બોટાદ જિલ્લાના પવિત્ર યાત્રાધામ ગઢડાના વિછીયા પરા વિસ્તારમાં પશુને માર મારવા જેવી નજીવી બાબતે બે જૂથો સામસામે આવી જતાં ભારે તંગદિલી સર્જાઈ હતી. ગઈકાલે બપોરે શરૂ થયેલી બોલાચાલીએ રાત્રે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું, જેમાં એક વ્યક્તિને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેને વધુ સારવાર માટે બોટાદ રિફર કરવામાં આવ્યો છે. ઘટનાની ગંભીરતાને જોતા બોટાદ એસપી અને ડીવાયએસપી સહિત એલસીબી અને એસઓજીનો કાફલો ગઢડામાં ઉતારી દેવામાં આવ્યો હતો.

પોલીસે રાત્રિના સમયે સઘન કોમ્બિંગ હાથ ધરી પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. આ હિંસક અથડામણ મામલે પોલીસે બંને પક્ષોની ફરિયાદના આધારે કુલ ૧૧ શખ્સો સામે આઈપીસીની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધ્યો છે, જેમાંથી ૯ આરોપીઓની અટકાયત કરી લેવામાં આવી છે. હાલ સમગ્ર વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે જેથી શાંતિ જળવાઈ રહે.

# વડોદરાના મોસમપુરામાં ગાંજાના વેચાણ પર એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સનો દરોડો

(એચ.એસ.એલ),વડોદરા,તા.૪



વડોદરા ગ્રામ્યના ડભોઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગેરકાયદેસર હાઈબ્રિડ ગાંજાના વેચાણ વિરુધ્ધ એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (ANTF) એ મોટી કાર્યવાહી કરી છે. ખાનગી બાતમીના આધારે મોસમપુરા ગામ પાસેના યુનિવર્સિટી રોડ પર દરોડો પાડીને પોલીસે ત્રણ શંકાસ્પદ ઈસમોને ઝડપી પાડ્યા છે. આરોપીઓ પાસેથી ટૂ-વ્હીલરની ડેકીમાં સંતાડેલો ૨૬૭ ગ્રામ હાઈબ્રિડ ગાંજો મળી આવ્યો હતો. પકડાયેલા આરોપીઓમાં દિનેશ ઠાકોર, વિશાળ પરમાર અને રાજ આંગણિયાનો સમાવેશ થાય છે, જ્યારે વાપીનો આસીફ નામનો આરોપી હાલ ફરાર છે.

પોલીસે આ કાર્યવાહી દરમિયાન ગાંજો, મોબાઈલ ફોન અને વાહન સહિત કુલ ૧૦.૩૩ લાખથી વધુનો મુદામાલ જપ્ત કર્યો છે. સી.આઈ.ડી. ક્રાઈમના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલી આ તપાસમાં આરોપીઓ વિરુધ્ધ એન.ડી.પી.એસ. એક્ટ ૧૯૮૫ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ કેસની વધુ તપાસ ડભોઈ પોલીસને સોંપવામાં આવી છે, જે અંતર્ગત ડ્રગ્સના નેટવર્ક અને ફરાર આરોપીને પકડવા માટે ચક્રો ગતિમાન કરાયા છે.

# સુરતના કતારગામમાં બે દીકરીના પિતાએ ૮ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચરતા ચકચાર

(એચ.એસ.એલ),સુરત,તા.૪



સુરતના કતારગામ વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં એક સરકારી શાળાના બાંધકામ સાઈટ પર મજૂરી કરતા શખ્સે આઠ વર્ષની નિર્દોષ બાળકી પર દુષ્કર્મ ગુજાર્યું છે.

આરોપી અલી અંજાર મોહમ્મદ, જે પોતે બે દીકરીઓનો પિતા છે, તેણે બાળકીની માતાની ગેરહાજરીનો લાભ ઉઠાવી સાઈટ પરની ઝૂંપડીમાં આ ઘૃણાસ્પદ કૃત્ય આચર્યું હતું.

એટલું જ નહીં, તેણે બાળકીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જોકે, હિંમત ભેગી કરીને બાળકીએ માતાને જાણ કરતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. કતારગામ પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને મૂળ બિહારના વતની એવા નરાધમ આરોપીની ગણતરીના કલાકોમાં ધરપકડ કરી લીધી છે.

# ભચાઉમાં લગ્નના બહાને અનેક યુવકોને લાખોનો ચૂનો લગાવનાર 'લૂંટેરી દુલ્હન' ઝડપાઈ

ભુજ,તા.૪

કચ્છના ભચાઉ પંથકમાં લગ્નના નામે છેતરપિંડી કરતી એક ગેંગનો પર્દાફાશ થયો છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે સોનલ ઉર્ફે સોનિયા નામની યુવતી તેના દલાલ સાગરીત સાથે મળીને ભોળા યુવકોને નિશાન બનાવતી હતી.

આ ટોળકીએ આમરડી ગામના મનીષ લોહાર અને ચોપડવા ગામના મહેશ પરમાર સાથે લગ્ન કરી અંદાજે ૪ લાખ રૂપિયા પડાવ્યા હતા. લગ્નના ગણતરીના દિવસોમાં જ 'માતાજીનું કામ છે' તેમ કહી યુવતી ફરાર થઈ જતી હતી.

મનીષ લોહારને શંકા જતાં તેણે તપાસ કરી, જેનાથી આ આખા કૌભાંડનો ભાંડો ફૂટ્યો હતો. ભચાઉ પોલીસે ટેકનિકલ સર્વેલન્સના આધારે લૂંટેરી દુલ્હન અને તેના સાગરીતની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદ: શેરબજારમાં રોકાણના નામે ૫.૩૦ કરોડની છેતરપિંડી, મુખ્ય આરોપીની ધરપકડ

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૪



અમદાવાદ શહેરમાં ઊંચા વળતરની લાલચ આપી રોકાણકારોને છેતરતી ટોળકીનો પર્દાફાશ થયો છે. સેટેલાઈટ પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ, એક પરિવાર પાસેથી શેરબજારમાં રોકાણના બહાને કુલ ૫.૩૦ કરોડ રૂપિયા આરટીજીએસ મારફતે પડાવી લેવામાં આવ્યા હતા. આરોપીઓએ પોતાની નકલી એપ્લિકેશન અને જાણીતી બ્રોકિંગ કંપનીના ખોટા ડેટા બતાવી રોકાણકારોને વિશ્વાસમાં લીધા હતા. તપાસમાં બહાર આવ્યું છે કે આ રકમ શેરબજારમાં રોકવાને બદલે આરોપીઓએ પોતાના અંગત ખર્ચમાં વાપરી નાખી હતી. અમદાવાદ ગ્રામ્ય કોર્ટે સરકારી વકીલ તુષાર બારોટની દલીલોને ગ્રાહ્ય રાખી મુખ્ય આરોપી મિહિર પરીખના ૨ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. આરોપીઓના કુલ ૪૭ બેંક ખાતા મળી આવ્યા છે, જેમાંથી મોટાપાયે નાણાકીય વ્યવહારો થયા છે.




# રાજકોટ મહાનગરપાલિકા ચૂંટણી માટે કોંગ્રેસે ૨૦ મુરતિયાઓને ટેલિફોનિક જાણ કરી

રાજકોટ,તા.૪

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો ધમધમાટ શરૂ થતા જ રાજકોટમાં કોંગ્રેસે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા તેજ બનાવી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, કોંગ્રેસ હાઈકમાન્ડે રાજકોટના વિવિધ વોર્ડ માટે ૨૦ જેટલા જૂના જોગીઓ અને દિગ્ગજ નેતાઓને મેદાનમાં ઉતારવાનો નિર્ણય લીધો છે. આ ઉમેદવારોને ટેલિફોન દ્વારા આગોતરી જાણ કરી દેવામાં આવી છે, જેથી તેઓ પ્રચાર કાર્ય શરૂ કરી શકે. ચૂંટણી જંગમાં વોર્ડ નં. ૨ માંથી રવીન્દ્ર જાડેજાના બહેન નયનાબા જાડેજાને ટેલિફોનિક સૂચના મળી હોવાનું સામે આવ્યું છે.

